RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ મહા વદ -૫  શુક્રવાર, તા.૦૬-૦૨-૨૦૨૬  અંક : ૮૨ વર્ષ : ૨૩  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# ભારતીય અર્થતંત્રનો મજબૂત દેખાવ : રેપો રેટ યથાવત

## ભવિષ્યની નાણાકીય નીતિ સુધારેલી શ્રેણીના આધારે નવા ફુગાવાના ડેટા દ્વારા સંચાલિત થશે : ટ્રેડ ડીલ બાદની બેઠકમાં વ્યાજ દર યથાવત રાખવા નિર્ણય




નવી દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ ત્રણ દિવસની બેઠક બાદ સ્ઝ ના નિર્ણયોની જાહેરાત કરી છે. આરબીઆઈ ગવર્નરે જણાવ્યું કે, એમપીસીએ સર્વસંમતિથી રેપો રેટ યથાવત રાખવાનો નિર્ણય લીધો છે.

ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિના નિર્ણયોની જાહેરાત કરી. કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અને તાજેતરના ભારત-યુએસ વેપાર કરાર પછી આ પહેલી નીતિ સમીક્ષા છે, જેના પર દલાલ સ્ટ્રીટ અને નાણાકીય જગત દ્વારા નજીકથી નજર રાખવામાં આવી હતી.આરબીઆઈએ આ વખતે વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી અને યથાસ્થિતિ જાળવી રાખી છે.

રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિએ અપેક્ષાઓ અનુસાર, રેપો રેટ ૫.૨૫% પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી કે કમિટીએ નીતિગત વલણ તટસ્થ રાખવાનો નિર્ણય લીધો છે. તેમણે ભાર મૂક્યો કે ભારતીય અર્થતંત્ર મજબૂત રહે છે અને સ્થાનિક ફુગાવા અને વૃદ્ધિ માટેનો અંદાજ સકારાત્મક છે. ગવર્નરે એ પણ સ્પષ્ટ કર્યું કે ભવિષ્યની નાણાકીય નીતિ સુધારેલી શ્રેણીના આધારે નવા ફુગાવાના ડેટા દ્વારા સંચાલિત થશે.

અર્થતંત્રના ચાલક પરિબળો પર પ્રકાશ પાડતા, ગવર્નરે જણાવ્યું હતું કે કોર્પોરેટ કામગીરીમાં સુધારો અને અનૌપચારિક ક્ષેત્રમાં સતત ગતિ ઉત્પાદનને વેગ આપશે. માંગના મોરચે, ગ્રામીણ માંગ સ્થિર રહે છે, જ્યારે શહેરી વપરાશમાં વધુ વધારો થવાની ધારણા છે. વધુમાં, ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું હતું કે તાજેતરમાં પૂર્ણ થયેલ ભારત-ઈ મુક્ત વેપાર કરાર અને સંભવિત ભારત-યુએસ વેપાર કરાર નિકાસ ગતિને મજબૂત ટેકો પૂરો પાડશે.

ભવિષ્યના આર્થિક દષ્ટિકોણમાં વિશ્વાસ વ્યક્ત કરતા, ઈં ગવર્નરે આગામી નાણાકીય વર્ષના પ્રથમ અને બીજા ત્રિમાસિક ગાળા માટે વૃદ્ધિ આગાહીને અનુક્રમે ૬.૯% અને ૭% કરી. ફુગાવાના મોરચે, ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવો ૨.૧% રહેવાનો અંદાજ છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તે ૪% અને બીજા ત્રિમાસિક ગાળામાં ૪.૨% રહેવાનો અંદાજ છે. વૈશ્વિક પરિસ્થિતિ વિશે બોલતા, ગવર્નરે જણાવ્યું હતું કે જાન્યુઆરીના અંત સુધીમાં વિદેશી વિનિમય અનામત ઈ૭૨૩.૮ બિલિયનના ખૂબ જ સ્વસ્થ સ્તરે છે અને ચાલુ નાણાકીય વર્ષમાં ચાલુ ખાતાની ખાધ પણ 'મધ્યમ' રહેવાની ધારણા છે.

# પંજાબના જાલંધરમાં આપ નેતા લક્કી ઓબેરોયની ગોળી મારી હત્યા

## ઓબેરોય મોડેલ ટાઉનમાં ગુરુદ્વારામાં પૂજા કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે હુમલાખોરોએ કર્યો ગોળીબાર

જાલંધર

પંજાબના જાલંધરમાં ગુરુદ્વારાની બહાર છ્છ નેતા લકી ઓબેરોયની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. વહેલી સવારે ગોળીબારના અવાજથી સમગ્ર વિસ્તારમાં શોકની લહેર ફેલાઈ ગઈ હતી.

શુક્રવારે સવારે લકી ઓબેરોય મોડેલ ટાઉનમાં ગુરુદ્વારામાં પૂજા કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. હુમલાખોરોએ આઠથી દસ રાઉન્ડ ગોળીબાર કર્યા હોવાનું જાણવા મળે છે.

થારમાં મુસાફરી કરી રહેલા લકી પર હુમલાખોરોએ આઠથી દસ ગોળીઓ ચલાવી હતી, જે તેમને છાતી અને માથામાં વાગી હતી. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. લકી ઓબેરોયે કાઉન્સિલરની ચૂંટણી લડી હતી. ઘટનાની માહિતી મળતાં, તપાસ ટીમના પોલીસ અધિક્ષક ઘટનાસ્થળે પહોંચ્યા અને કેસની તપાસ શરૂ કરી.પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના સવારે ૮:૧૫ વાગ્યાની આસપાસ બની હતી.

# સામાન્ય ચૂંટણી યોજાય તે પહેલા બાંગ્લાદેશ અમેરિકા સાથે કરશે વ્યાપાર સમજુતી કરાર

## સોમવારે થનારા કરાર અંગેની વિગતો ગુપ્ત રાખવામાં આવી

નવી દિલ્હી

અમેરિકા અને બાંગ્લાદેશ આગામી ૦૯ ફેબ્રુઆરીએ વેપાર કરાર પર હસ્તાક્ષર કરવાના છે, જે ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણીના માત્ર ૭૨ કલાક પહેલા હશે. આ કરારની શરતોની ગુપ્તતા પર પ્રશ્નો ઉભા થયા છે.

ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. ભારતીય માલ પર ટેરિફ પણ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે. દરમિયાન, ભારત પર ઓછા ટેરિફ અને વેપાર કરારને કારણે પડોશી બાંગ્લાદેશમાં તણાવ પેદા થયો છે. તેથી, બાંગ્લાદેશની વચગાળાની સરકાર ચૂંટણીના માત્ર ત્રણ દિવસ પહેલા અમેરિકા સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કરવાની યોજના બનાવી રહી છે. દેશના વાણિજ્ય સચિવ મહબુબુર રહેમાને હસ્તાક્ષર તારીખની પુષ્ટિ કરી છે.

બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે, જે શેખ હસીનાને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા પછીની પહેલી ચૂંટણી છે. દરમિયાન, દેશનું ધ્યાન હવે અમેરિકા સાથેના વેપાર કરાર પર ગયું છે. ભારત સાથેના યુએસ કરાર બાદ બાંગ્લાદેશે પણ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ઝડપી પ્રયાસો કર્યા છે.બાંગ્લાદેશને ડર છે કે જો તે સમાન અથવા સંદર્ભની શરતોને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો તે સ્પર્ધાત્મક ભારત સામે બજાર હિસ્સો ગુમાવી શકે છે. બાંગ્લાદેશ હાલમાં અમેરિકા તરફથી ૨૦% ટેરિફનો સામનો કરી રહ્યું છે. જે એપ્રિલ ૨૦૨૫ માં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા ૩૭% ટેરિફથી ઘટાડી દેવામાં આવ્યું છે.

# ભારત અને ૬ આરબ દેશ વચ્ચે થશે મુક્ત વેપાર કરાર

## ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના છ આરબ સભ્ય દેશ વેપાર કરારની વાટાઘાટો માટેની શરતો પર સહમત થયા



નવી દિલ્હી

ભારતે પહેલા યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા અને પછી અમેરિકા સાથે વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપ્યું. હવે ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના છ આરબ સભ્ય દેશ વેપાર કરારની વાટાઘાટો માટેની શરતો પર સહમત થયા છે. ભવિષ્યમાં ભારત બીજા આર્થિક પાવરહાઉસ સાથે મુક્ત વેપાર કરાર કરે તેવી શક્યતા વધી ગઈ છે.

ભારત અને છ દેશોની ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલએ પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (એફટીએ) માટે ઔપચારિક રીતે વાટાઘાટો શરૂ કરવા માટે ટર્મ્સ ઓફ રેફરન્સ (ટીઓઆર) પર હસ્તાક્ષર કર્યા, જેનો હેતુ બંને પ્રદેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવાનો છે.

આ પ્રસ્તાવિક વેપાર કરારની પદ્ધતિઓની રૂપરેખા જણાવવામાં આવી છે. પીટીઆઈના એક રિપોર્ટ અનુસાર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જીસીસી બ્લોક સાથે ટીઓઆર પર હસ્તાક્ષર સમારોહની અધ્યક્ષતા કરી હતી. જીસીસીમાં સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત, ઓમાન અને બહેરીનનો સમાવેશ થાય છે.

ગોયલે કહ્યું હતું કે પ્રસ્તાવિત કરાર બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને રોકાણમાં નોંધપાત્ર વધારો કરશે તેવી અપેક્ષા છે. બંને વેપાર ભાગીદારો ૫,૦૦૦ વર્ષથી વધુ સમયથી એકબીજા સાથે વેપાર કરી રહ્યા છે. લગભગ ૧૦ મિલિયન ભારતીયો હાલમાં જીસીસી દેશોમાં રહે છે અને કામ કરે છે. આ સૌથી યોગ્ય સમય છે કે આપણે હવે વધુ મજબૂત વેપાર વ્યવસ્થામાં પ્રવેશ કરીએ જે માલ, સેવાઓના વધુ મુક્ત પ્રવાહને સક્ષમ બનાવશે, નીતિમાં પૂર્વ અનુમાન અને સ્થિરતા લાવશે, વધુ રોકાણોને પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે આ કરાર બંને પ્રદેશો માટે ખાદ્ય અને ઉર્જા સુરક્ષાને પણ મજબૂત બનાવશે. જ્યારે ભારત વિશ્વના મુખ્ય અનાજ ઉત્પાદકોમાંનું એક છે જ્યારે જીસીસી દેશો તેલ અને ગેસના મુખ્ય નિકાસકારો છે.

ગોયલે કહ્યું હતું કે "આપણી પાસે પહેલેથી જ ખૂબ જ મજબૂત, લગભગ ૧૭૯ બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વેપાર છે.

# શિક્ષકો હંમેશા વિદ્યાર્થીઓની ગતિથી એક ડગલું આગળ હોવા જોઈએ : પીએમ મોદી

## સફળતા રાતોરાત નહીં પરંતુ પગથિયા ચડવાથી મળે છે : પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રીની શીખ




નવી દિલ્હી

પરીક્ષા પે ચર્ચા અંગેના નવમાં કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે સીધી વાતચીત કરી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધિત તણાવ ઘટાડવા, તેમનો આત્મવિશ્વાસ વધારવા અને કારકિર્દી સંબંધિત પ્રશ્નોના જવાબ આપવા માટે મદદ કરવાનો છે.

આ વખતે, "પરીક્ષા પે ચર્ચા" એક નવા ફોર્મેટમાં યોજાઈ હતી, જેમાં દેશભરના વિદ્યાર્થીઓને જોડવા અને તેમના પ્રશ્નોના સીધા જવાબ આપવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ સાથેની વાતચીત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, વિકસિત ભારતનું નિર્માણ એ દરેકની જવાબદારી છે. તેમણે આ હેતુ માટે કેટલીક આવશ્યક આદતો અને માનસિકતાઓ પર ભાર મૂક્યો. પીએમ મોદીએ કહ્યું કે યુવાનોએ કૌશલ્ય, આત્મવિશ્વાસ અને સારા સ્વાસ્થ્યનો વિકાસ કરવો જોઈએ.

તેમણે કહ્યું કે, દેશની પ્રગતિ માટે "મેડ ઈન ઈન્ડિયા" અપનાવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે સ્વચ્છતા જાળવવા અને અન્ય લોકોને પણ આવું કરવા માટે પ્રેરણા આપવા પર ભાર મૂક્યો. સમયના મહત્વ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ ભારતીય માનક સમય વિશે વિચારસરણીમાં પરિવર્તન લાવવાનું પણ આહ્વાન કર્યું.


# અમેરિકામાં ટ્રમ્પનું MEGA બાદ હવે વિદેશી હસ્તક્ષેપ રોકવા નવું SAVE સૂત્ર

## સૂચિત સેફગાર્ડ અમેરિકન વોટર એલિજિબિલિટી એક્ટ દ્વારા અમેરિકાની આખી ચૂંટણી પ્રક્રિયાને બદલી નાખવાનો પ્રયાસ

વોશિંગ્ટન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના સનસનાટીભર્યા નિર્ણયથી વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. અગાઉ 'MAGA' બાદ હવે તેઓ 'SAVE' (સૂચિત સેફગાર્ડ અમેરિકન વોટર એલિજિબિલિટી એક્ટ) દ્વારા અમેરિકાની આખી ચૂંટણી પ્રક્રિયાને બદલી નાખવા માંગે છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર રિપબ્લિકન નેતાઓને અપીલ કરી છે કે તેઓ આ એક્ટને જલ્દી પસાર કરે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે, "કાં તો આપણે આ સિસ્ટમ ઠીક કરીશું, અથવા આપણી પાસે કોઈ દેશ જ બચશે નહીં". વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, આ બિલનો હેતુ વિદેશી હસ્તક્ષેપ રોકવાનો અને મતદારોની નાગરિકતાની કડક તપાસ કરવાનો છે.ડેમોક્રેટિક સાંસદો અને સેનેટ નેતા ચક શૂમરે આ બિલનો સખત વિરોધ કર્યો છે. વિપક્ષનું માનવું છે કે ટ્રમ્પ આ બિલ દ્વારા મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા ચૂંટણી પ્રક્રિયા પર પોતાનું પ્રભુત્વ જમાવવા માંગે છે. ટ્રમ્પ આક્ષેપ કરી રહ્યા છે કે ઘણી રાજ્ય કક્ષાની ચૂંટણી પ્રક્રિયાઓ ભ્રષ્ટ છે અને તેને સુધારવા માટે ફેડરલ સ્તરે કડક નિયમો જરૂરી છે.




# વિમાની સેવા રામભરોસે : એર ઈન્ડિયાના ૭૦ ટકા વિમાનોમાં ટેકનિકલ ખામી

## એક વર્ષ દરમિયાન કરવામાં આવેલી ચકાસણીમાં મોટાભાગની એરલાઈન્સના વિમાનોમાં ક્ષતિ જણાઈ

નવી દિલ્હી

એર ઈન્ડિયાના વિમાનોમાં ટેકનિકલ ખામીની ઘટનાઓને લઈને સરકારે સંસદમાં જણાવ્યું કે, એરલાઈનના દર ૧૦માંથી ૭ વિમાનોમાં કોઈને કોઈ ટેકનિકલ ખામી જોવા મળી છે. આનો અર્થ એ છે કે એર ઈન્ડિયાના ૭૦ ટકા વિમાનો ટેકનિકલ રીતે બીમાર છે. કેન્દ્ર સરકારે માહિતી આપી કે, તમામ એરલાઈન્સમાં સૌથી વધુ ટેકનિકલ સમસ્યાઓ એર ઈન્ડિયાના વિમાનોમાં જોવા મળી છે. સરકારના જણાવ્યા અનુસાર, જાન્યુઆરી ૨૦૨૫થી આ વર્ષે ૩ ફેબ્રુઆરી સુધીમાં વિવિધ એરલાઈન્સના કુલ ૩૭૭ વિમાનોમાં વારંવાર ગરબડ થવાનો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું કે, વારંવાર થતી ખામીઓના સંદર્ભમાં ઈન્ડિગોના ૪૦૫ વિમાનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી આ વર્ષે ૩ ફેબ્રુઆરી સુધીમાં ૧૪૮ વિમાનોમાં વારંવાર ગરબડ હોવાનું સામે આવ્યું છે.આ ઉપરાંત, સ્પાઈસ જેટના ૪૩ વિમાનોમાંથી ૧૬ માં વારંવાર ગરબડ હોવાનું જાણવા મળ્યું છે. આંકડા અનુસાર, તપાસવામાં આવેલા ૩૨ વિમાનોમાંથી કુલ ૧૪ અકાસા એર વિમાનોમાં પણ ખામીઓ જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન, એવિએશન સેફ્ટી રેગ્યુલેટર 'ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન' એ પણ ૩,૮૯૦ સર્વેલન્સ નિરીક્ષણો કર્યા હતા. મંત્રીએ અન્ય એક પ્રશ્નના જવાબમાં ઉમેર્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં ફ્લાઈટ્સમાં ટેકનિકલ ખામીના કિસ્સાઓમાં ઘટાડો થયો છે અને ગયા વર્ષે આવી માત્ર ૩૫૩ ઘટનાઓ બની હતી.

### અમદાવાદના નિકોલમાં ધમધમતું 'કોલ સેન્ટર' ઝડપાયું

# સોશિયલ મીડિયા પર સસ્તા મોબાઈલની લાલચ આપી ૧.૩૧ કરોડનું ફ્રોડ કરનારા બે આરોપીઓને ઝડપાયા

## પોલીસે સ્થળ પરથી ૨૪ લાખ રૂપિયા રોકડા, ૧૫૦ ગ્રામ ચાંદી, ૨૧ બેંક એકાઉન્ટની કિટ્સ અને ૩૧ મોબાઈલ ફોન જપ્ત કર્યા

અમદાવાદ,

ગુજરાતમાં સાયબર ગઠિયાઓ પર અરવલ્લી પોલીસે અત્યાર સુધીની સૌથી મોટી સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. એક નાનકડી અરજી અને માત્ર બે હજાર રૂપિયાના ટ્રાન્ઝેક્શનની તપાસમાં પોલીસે અમદાવાદના નિકોલમાં ધમધમતું આખું 'કોલ સેન્ટર' ઝડપી પાડ્યું છે. ૨૪ લાખ રૂપિયા રોકડા, સોનું-ચાંદી અને મની કાઉન્ટિંગ મશીન. જાણે કોઈ બેંક હોય તેવો માહોલ જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી છે.

સોશિયલ મીડિયા પર સસ્તા મોબાઈલની લાલચ આપી રૂપિયા ૧ કરોડ ૩૧ લાખનું ફ્રોડ કરનારા આ ભેજાબાજો સુધી પોલીસ પહોંચી અને બે આરોપીઓને ઝડપી લીધા છે. દ્રશ્યો જોઈને તમારી આંખો પહોળી થઈ જશે. ટેબલ પર પડેલા લાખો રૂપિયા, મોબાઈલનો ખડકલો અને મની કાઉન્ટિંગ મશીન. આ કોઈ બેંક નથી, પરંતુ અમદાવાદના નિકોલમાં સાયબર ફ્રોડનું 'હેડક્વાર્ટર' ચાલી રહ્યું હતું. અરવલ્લી સાયબર ક્રાઈમની ટીમે 'ઓપરેશન મ્યુલ એકાઉન્ટ' હેઠળ આ દરોડા પાડ્યા ત્યારે પોલીસની આંખો પણ પહોળી થઈ ગઈ હતી. પોલીસે સ્થળ પરથી ૨૪ લાખ રૂપિયા રોકડા, ૧૫૦ ગ્રામ ચાંદી, ૨૧ બેંક એકાઉન્ટની કિટ્સ અને ૩૧ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે.

અરવલ્લીના ભિલોડામાં એક અરજદાર સાથે ફ્રોડ થયું હતું, જેમાં કર્ણાટકથી માત્ર ૨૦૦૦ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન ટ્રેસ થયું હતું. આ કડી પકડીને પોલીસે તપાસ લંબાવી તો તેનું લોકેશન અમદાવાદના નિકોલમાં એક મકાનમાં મળ્યું. ત્યાં રેડ કરતા રાજસ્થાનના સાંચોરના બે શખ્સો દિનેશ માળી અને મહેન્દ્ર દેવાસી બન્ને પકડાયા છે. જેઓ મ્યુલ એકાઉન્ટ (ભાડાના ખાતા) ઓપરેટ કરતા હતા અને તેમાં રૂપિયા મંગાવી ૧૦ ટકા કમિશન આપતા હતા.

# અમદાવાદમાં આંતરરાજ્ય નવજાત શિશુ તસ્કરી રેકેટનો પર્દાફાશ : ૪ની ધરપકડ

## ટોળકીએ ૩.૬૫ લાખ રૂપિયામાં બાળક ખરીદ્યું હતું અને હૈદરાબાદના એજન્ટ નાગરાજને વેચવા જઈ રહ્યા હતા

અમદાવાદ,

માનવતાને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે, નોબલનગર પાસેથી એક કારમાં નવજાત બાળકની હેરાફેરી થઈ રહી છે. પોલીસે વોચ ગોઠવી એરપોર્ટ પહોંચે તે પહેલા જ ઓઢવની વંદના પંચાલ, વટવાનો સુમિત યાદવ અને હૈદરાબાદના રોશન અગ્રવાલને ઝડપી પાડ્યા હતા. તેમની તપાસ કરતા ૧૫ દિવસનું નવજાત બાળક મળી આવ્યું હતું.

ઝડપાયેલ ત્રણેય આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આ ટોળકીએ દાંતાના યુનુસખાન સિંધી પાસેથી ૩.૬૫ લાખ રૂપિયામાં આ બાળક ખરીદ્યું હતું અને હૈદરાબાદના એજન્ટ નાગરાજને વેચવા જઈ રહ્યા હતા. આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર યુનુસ સિંધી છે, જે અગાઉ કાલુપુર પોલીસ સ્ટેશનમાં પણ બાળક તસ્કરીના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મુખ્ય આરોપી યુનુસ સિંધી સાબરકાંઠા, બનાસકાંઠા અને રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારોમાંથી ગરીબ પરિવારોના બાળકો મેળવી આંતરરાજ્ય રેકેટ ચલાવતો હતો. ખાસ વાત એ છે કે, આરોપી વંદના પંચાલ અને યુનુસની મુલાકાત અમદાવાદ કોર્ટમાં મુદત દરમિયાન થઈ હતી, જ્યાંથી આ કાળા કારોબારનું પ્લાનિંગ શરૂ થયું હતું.

# મુંબઈથી સુરત ૬૫.૪૩૦ ગ્રામ એમડી ડ્રગ્સ લાવતી મહિલાની પોલીસે ધરપકડ કરી

સુરત,

પોલીસે એક મહિલાની ૬૫.૪૩૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે ધરપકડ કરી છે. તે મુંબઈથી સુરત ડ્રગ્સ વેચવા માટે આવી હતી. આરોપી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે આ ડ્રગ્સ કોના માટે હતા તે નક્કી કરવા માટે તપાસ શરૂ કરી છે અને તેણી કેટલા સમયથી મુંબઈથી સુરત ડ્રગ્સનું પરિવહન કરી રહી હતી તે અંગે પૂછપરછ શરૂ કરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલે સુરતના ડિંડોલીમાં રીજન્ટ પ્લાઝા ખાતેના એક ફ્લેટ પર દરોડો પાડ્યો હતો અને ૩૨ લાખ રૂપિયાના એમડી ડ્રગ્સ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં રાજસ્થાનના વધુ ત્રણ આરોપીઓના નામ ખુલ્યા છે. એમડી ડ્રગ્સ ઉપરાંત, પોલીસે રોકડ, વાહનો અને મોબાઈલ ફોન સહિત કુલ ૪૧ લાખ રૂપિયાની કિંમતી ચીજવસ્તુઓ જપ્ત કરી છે અને ફરાર આરોપીઓની શોધખોળ કરી રહી છે.

મોનિટરિંગ સેલ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે. મોનિટરિંગ સેલે એમડી ડ્રગ્સના મુખ્ય સપ્લાયર ઓમ પ્રકાશ રૂપારામ જાટ અને તેના સહયોગીઓ મહેન્દ્ર સોહનલાલ જોશી અને શૈલ સિંહ હાથીસિંહ પુરોહિતની ધરપકડ કરી છે. પોલીસ તપાસ દરમિયાન, રાજસ્થાનના અમિત કાબા, રાજેશ પાટીદાર અને કંવરપાલ સિંહના નામ પણ સામે આવ્યા છે, જેઓ હાલમાં ફરાર છે.

# નડિયાદ નર્સિંગ કોલેજ વિદ્યાર્થી આપઘાત કેસ પ્રિન્સિપાલ સહિત ૫ સામે એટ્રોસિટીનો ગુનો દાખલ

## સુસાઈડ નોટના આધારે પોલીસે કોલેજના પ્રિન્સિપાલ, ત્રણ મહિલા પ્રોફેસર અને એક અન્ય શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા શિક્ષણ જગતમાં ચકચાર

ખેડા,

નડિયાદની દિનશા પટેલ નર્સિંગ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થી જય પાટીલના આત્મહત્યા પ્રકરણમાં ચાર દિવસના અંતે રૂરલ પોલીસે કોલેજના પ્રિન્સિપાલ સહિત પાંચ સામે એટ્રોસિટી એક્ટ અને આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે. ૧૯ વર્ષીય વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું, જે બાદ તેના પિતાની ફરિયાદ અને સુસાઈડ નોટના આધારે પોલીસે કોલેજના પ્રિન્સિપાલ, ત્રણ મહિલા પ્રોફેસર અને એક અન્ય શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા શિક્ષણ જગતમાં ચકચાર મચી ગઈ છે.

મૃતક વિદ્યાર્થી પાસેથી મળી આવેલી હૃદયદ્રાવક સુસાઈડ નોટમાં તેણે "સોરી મમ્મી, હું કંટાળી ગયો છું" લખીને કોલેજમાં મેડમ દ્વારા અપાતા માનસિક ત્રાસનો ઉલ્લેખ કર્યો છે. પરિવારજનોના જણાવ્યા મુજબ, જયને ખોટા આરોપોમાં ફસાવી દઈ બદનામ કરવામાં આવતો હતો અને વારંવાર એલસી પકડાવી દેવાની ધમકી આપી દબાણ કરવામાં આવતું હતું. ફરિયાદમાં એવો પણ ગંભીર આક્ષેપ છે કે આરોપી સ્મિતે વિદ્યાર્થીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે તે છેલ્લા ત્રણ દિવસથી ભારે ડિપ્રેશનમાં હતો.

બીજી તરફ આ ગંભીર ઘટના બાદ કોલેજ પ્રશાસને બચાવની મુદ્રામાં આવી સફાઈ આપી છે કે વિદ્યાર્થી શિસ્તબદ્ધ ન હોવાથી તેને માત્ર સમજાવવામાં આવ્યો હતો. કોલેજના દાવા મુજબ મૃતક વિદ્યાર્થીએ અગાઉ ત્રણ વખત વિવિધ ગેરરીતિઓ બદલ માફીપત્ર પણ લખી આપ્યા હતા. જોકે, મૃતકના પરિવારજનોનો સ્પષ્ટ આરોપ છે કે શિસ્તના નામે શિક્ષકોએ એકસંપ થઈને વિદ્યાર્થીને ટાર્ગેટ કર્યો હતો અને તેને માનસિક રીતે સાવ એકલો પાડી દીધો હતો, જેના પરિણામે તેણે આ અંતિમ પગલું ભરવું પડ્યું.

બનાવની ગંભીરતા અને એટ્રોસિટી એક્ટની કલમોને ધ્યાનમાં રાખીને સમગ્ર કેસની તપાસ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીને સોંપવામાં આવી છે. પોલીસ દ્વારા હાલમાં કોલેજ કેમ્પસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની સાથે મૃતક વિદ્યાર્થીના મોબાઈલ રેકોર્ડ્સની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.

# ફ્રેકટલ એનાલિટિક્સ લિમિટેડ નો આઈપીઓ ૯ ફેબ્રુઆરી એ ખુલશે




ફ્રેકટલ એનાલિટિક્સ લિમિટેડ નો ઈશ્યૂ ૯ ફેબ્રુઆરી સોમવાર ના રોજ ખૂલી રહ્યો છે. ઓફર ની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૮૫૭થી રૂ ૯૦૦ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૧૬ ઈકવિટી શેર અને ત્યારબાદ ૧૬ ઈકવિટી શેર ના ગુણાંક માં કરી શકાશે. ઈશ્યૂ ૯ ફેબ્રુઆરી ના રોજ ખુલશે અને ૧૧ ફેબ્રુઆરી ના રોજ બંધ થશે.

# અમદાવાદમાં આજથી ત્રણ દિવસ રાષ્ટ્રીય ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનર્સ કોન્ફરન્સનું આયોજન

## દેશભરના ૫૦૦થી વધુ ટાઉન પ્લાનર્સ, પૉલિસી મેકર્સ અને શહેરી વિકાસ નિષ્ણાતો દેશના ફ્યુચર રીજીયોનલ પ્લાનિંગ અંગે મંથન કરશે

અમદાવાદ,

૧૩ વર્ષના વિરામ બાદ અમદાવાદ શહેર ફરી એક વાર રાષ્ટ્રીય ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનર્સ કોન્ફરન્સનું યજમાન બનવા જઈ રહ્યું છે. આ રાષ્ટ્રીય પરિષદ ૬ થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન કર્ણાવતી ક્લબના ગોલ્ડન ગ્લોરી હોલમાં યોજાશે. આ ત્રણ દિવસીય કોન્ફરન્સમાં દેશભરના ૫૦૦ થી વધુ ટાઉન પ્લાનર્સ, પૉલિસી મેકર્સ, શિક્ષણવિદો અને શહેરી વિકાસ નિષ્ણાતો હાજરી આપશે અને ભારતના ક્ષેત્રિય આયોજનના ભાવિ માર્ગદર્શક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરશે.




આ કોન્ફરન્સના ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ કે. શ્રીનિવાસ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, અમદાવાદના મેયર પ્રતિભા જૈન અને અમદાવાદના પૂર્વ મ્યુનિસિપલ કમિશનર કેશવ વર્મા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

પરિષદમાં ખાસ કરીને હાઈસ્પીડ રેલ (બુલેટ ટ્રેન) અંગેના આયોજન દૃષ્ટિકોણ તેમજ શહેરી આયોજનમાં AI અને GIS મોડલ ટૂલ્સના વધતા ઉપયોગ જેવા અદ્યતન વિષયો પર પણ વિશેષ સત્રો રહેશે. આ ચર્ચાઓ દ્વારા ટેકનોલોજી આધારિત સુસ્થિર અને સર્વસમાવેશક શહેરી વિકાસ માટે નવી દિશા મેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

ગુજરાત રાજ્યના અને હાલ ભારત સરકારમાં શહેરી વિકાસ વિભાગમાં સચિવ તરીકે સેવાઓ આપતાં શ્રી શ્રીનિવાસ આઈએએસ શુક્રવારે આ રાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન સત્રમાં રાજ્યના શહેરી વિકાસ ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ, પૉલિસી મેકર્સ તથા ટાઉન પ્લાનિંગ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

# સુરતમાં મોતીવાલા પર્ફ્યુમ પર દરોડો રૂ.૩.૪૦ કરોડની ટેક્સ ચોરી ઝડપાઈ

## સેન્ટ્રલ જીએસટી એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા મોટી કાર્યવાહી: ૧૦ કરોડથી વધુના પર્ફ્યુમ બિલ વિના વેચાયા: સ્ટોક અને વેચાણમાં મોટો તફાવત

સુરત,

સુરતમાં હવે અત્તરના વેપારીઓ પણ તપાસના દાયરામાં આવ્યા છે. શહેરની પ્રખ્યાત પેઢી મોતીવાલા પરફ્યુમ' પર સેન્ટ્રલ જીએસટી એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ દરોડામાં કરોડો રૂપિયાની જીએસટી ચોરીનો પર્દાફાશ થતાં વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે. તપાસમાં સામે આવ્યું છે કે પેઢી દ્વારા કાચા બિલ અને ચોપડા પર નોંધ્યા વગર વ્યવહારો કરીને સરકારને કરોડોનો ચૂનો ચોપડવામાં આવી રહ્યો હતો




જીએસટી વિભાગના અધિકારીઓને તપાસ દરમિયાન ચોંકાવનારા દસ્તાવેજો અને પુરાવા હાથ લાગ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોતીવાલા પરફ્યુમના સ્ટોક રજીસ્ટર અને વાસ્તવિક વેચાણ રેકોર્ડમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળ્યો છે. અંદાજે ૧૦ કરોડ રૂપિયાથી વધુના પરફ્યુમનું વેચાણ બિલ વિના કરવામાં આવ્યું હોવાનું ખુલ્યું છે. સામાન્ય રીતે પરફ્યુમ પર 18% GST લાગુ પડે છે, પરંતુ આ ટેક્સ બચાવવા માટે વેપારીએ બિનહિસાબી વ્યવહારો કર્યા હતા. કુલ મળીને રૂ.૩.૪૦ કરોડની ટેક્સ ચોરી પકડાઈ છે.

નોંધનીય છે કે મોતીવાલા પરફ્યુમ પર જીએસટી વિભાગની આ કોઈ પહેલી કાર્યવાહી નથી. આશ્ચર્યજનક રીતે, માત્ર છ મહિના પહેલા જ આ પેઢી પર તપાસ કરવામાં આવી હતી, જેમાં પણ ગંભીર અનિયમિતતાઓ સામે આવી હતી. ૧૯૮૬થી અત્તર અને પરફ્યુમના વ્યવસાયમાં સક્રિય આ પેઢી ગુજરાતભરમાં મોટું નેટવર્ક ધરાવે છે. વારંવારની તપાસ છતાં સુધારો ન આવતા વિભાગે હવે રૂ.૩.૪૦ કરોડની વસૂલાત માટે કડક કાર્યવાહી હાથ ધરી છે અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. સેન્ટ્રલ જીએસટી વિભાગે આ કાર્યવાહી દ્વારા સ્પષ્ટ સંકેત આપ્યો છે કે કરચોરી કરનારાઓ સામે હવે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

# હવે ઘરે બેઠા રુ ૧૦૦માં મળશે મિલકતના દસ્તાવેજની કોપી

## મિલકત નોંધણી અને સબ રજિસ્ટ્રાર કચેરીની કામગીરીમાં પારદર્શિતા અને ઝડપ લાવવા માટે મહત્વનું નોટિફિકેશન

ગાંધીનગર,

ગુજરાત રાજયના મહેસૂલ વિભાગે મિલકત નોંધણી અને સબ રજિસ્ટ્રાર કચેરીની કામગીરીમાં પારદર્શિતા અને ઝડપ લાવવા માટે મહત્વનું નોટિફિકેશન બહાર પાડ્યું છે. સોમવારે મોડી રાત્રે જાહેર થયેલા આ નવા નિયમ મુજબ, હવે નાગરિકો મિલક્ત સંબંધિત કોઈ પણ નોંધાયેલા દસ્તાવેજની ડિજિટલ કોપી પોતાના મોબાઈલ કે કમ્પ્યુટર દ્વારા મેળવી શકશે. પ્રોસેસિંગ ફીમાં મોટો ઘટાડો અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ, જો કોઈ નાગરિકને મિલકત કે કરારના દસ્તાવેજની નકલ જોઈતી હોય, તો તેમણે ફરજિયાતપણે સબ રજિસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ જવું પડતું હતું. આ પ્રક્રિયામાં ઓનલાઈન અરજી કર્યા પછી પણ અધિકૃત નકલ માટે પેજ દીઠ ?૨૦નો ચાર્જ વસૂલવામાં આવતો હતો. સામાન્ય રીતે દસ્તાવેજો ૧૨ પાનાથી વધુ હોવાથી નાગરિકોએ ?૨૪૦ કે તેથી વધુ રકમ ચૂકવવી પડતી હતી.

હવે નવી જોગવાઈ મુજબ, સમગ્ર દસ્તાવેજની ડિજિટલ નકલ માટે માત્ર ?૧૦૦ પ્રોસેસિંગ ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. તેમજ નાગરિકોને પેજ દીઠ ?૨૦ ચૂકવવામાંથી સંપૂર્ણ મુક્તિ મળશે. અને કચેરીમાં રૂબરૂ જવાની ઝંઝટ અને સમયનો બચાવ થશે.

મહેસૂલ વિભાગે તમામ નોંધાયેલા દસ્તાવેજોને ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવ્યા છે. નાગરિકો નીચે મુજબના પોર્ટલનો ઉપયોગ કરી શકશે.

# વાઘોડિયા બસ સ્ટેન્ડ પાછળ દારૂના કટીંગ વખતે SMCના દરોડા : પીઆઈ જાડેજા સસ્પેન્ડ

## દરોડામાં ૬૧૨૯ બોટલ વિદેશી દારૂ જપ્ત કરાયો : ૯ ડાયરીઓ માથી ઘણા પોલીસકર્મીઓની વિદેશી દારૂના કટીંગના વેચાણમા મીલીભગતનો ખુલાસો

વડોદરા,

જિલ્લાના વાઘોડિયામાં વિદેશી દારૂની તસ્કરી અને લોકલ પોલીસની બેદરકારી અને બેજવાબદારીના કેસમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SMC)ની કડક કાર્યવાહી બાદ વાઘોડિયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પૃથ્વીરાજસિંહ જાડેજાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ મામલો વાઘોડિયા બસ સ્ટેન્ડની પાછળ આવેલા વિસ્તારમાં વિદેશી દારૂના કટીંગ (વેચાણના સ્થળ) પર જીસ્ઝ દ્વારા પાડવામાં આવેલા દરોડા સાથે જોડાયેલો છે. દરોડા દરમિયાન પોલીસે અંદાજે ૧૭ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ (૬૧૨૯ બોટલો) જપ્ત કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન મળી આવેલા મહત્વના પુરાવાઓમાં ૯ ડાયરીઓ પણ સામે આવી હતી.

આ ડાયરીઓમાં કરોડો રૂપિયાની લેવડદેવડના હિસાબ નોંધાયા હતા. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ ડાયરીઓમાં અનેક પોલીસકર્મીઓના ફોન નંબરો અને સંપર્ક વિગતો મળી આવી હતી. આ બાબત રાજ્યના પોલીસ વડા સુધી પહોંચતા તપાસ અને કાર્યવાહીને વેગ મળ્યો હતો.

તાજેતરમાં જ વાઘોદિયા પોલીસ સ્ટેશનમાંથી બદલી થયા બાદ પણ પૃથ્વીરાજસિંહ જાડેજા સામે કાર્યવાહી કરવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓના આદેશ મુજબ તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કેસમાં વધુ તપાસ ચાલુ છે અને ડાયરીમાં નોંધાયેલા અન્ય સંબંધિત વ્યક્તિઓ સુધી પહોંચવાના પ્રયાસો ઝડપથી ચાલી રહ્યા છે.

ઉલ્લેખનિય છે કે દારૂ તસ્કરીના નેટવર્કમાં સ્થાનિક પોલીસ અધિકારીઓની સંડોવણી સામે આવતી રહી છે. પરંતુ આ અંગેનો કોઈ નક્કર પુરાવા સામે આવી શકતા નથી. પરંતુ આ કેસમાં તો ડાયરીના રૂપમાં પોલીસની મીલિભગતના પુરાવાઓ સામે આવતા ખળભળાટ મચ્યો છે. આ પુરાવાઓના આધારે જ પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની વાત સામે આવી રહી છે. તો બીજી તરફ જીસ્ઝની આ કાર્યવાહી અને ત્યારબાદની સસ્પેન્શનથી વહીવટી તંત્રમાં સ્વચ્છતા અને પારદર્શિતા જાળવવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

# રાજ્યમાં મતદારયાદીમાંથી ૧૨ લાખ નામ રદ્દ કરવા ફોર્મ ભરાતા ભડકો

## ગુજરાત દોડી આવેલા રોલઓબ્ઝર્વર મિશ્રા

રાજકોટ,

રાજકોટ સહિત રાજ્યભરમાં મતદારયાદીમાંથી ૧૨ લાખ નામ રદ કરવા માટે ફોર્મ નં.૭ ભરાતા ભડકો થવા પામેલ છે. મતદારયાદીમાંથી આટલી મોટી સંખ્યામાં નામ રદ કરવા માટે ફોર્મ ભરાતા ઉઠેલા વિવાદના પગલે કેન્દ્રીય ચૂંટણી પંચના રોલઓબ્ઝર્વર મિશ્રા ગુજરાત દોડી આવ્યા છે. રોલઓબ્ઝર્વર મિશ્રાએ આજે રાજકોટની મુલાકાત દરમ્યાન ઉઘડતી કચેરીએ જ જિલ્લા કલેકટર કચેરી ખાતે રાજકોટ ઉપરાંત મોરબી અને સુરેન્દ્રનગરના જિલ્લા કલેકટરો, ડેપ્યુટી કલેકટરો અને મામલતદારો સાથે રિવ્યુ બેઠક યોજી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ (એસઆઈઆર)ની સમીક્ષા કરી હતી. જેમાં મતદાર યાદી સુધારાણાની કામગીરી ઝડપભેર પુર્ણ કરવા માટે તેઓએ રાજકોટ તેમજ મોરબી અને સુરેન્દ્રનગરના ચૂંટણી અધિકારીઓને આદેશ આપેલ હોવાનું જાણવા મળ્યું છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, આખરી મતદારયાદીની પ્રસિધ્ધિ ચાલુ માસ દરમ્યાન જ કરવામાં આવનાર છે. ત્યારે કેન્દ્રીય ચૂંટણીપંચના ઓબ્ઝર્વર મિશ્રાએ તાબડતોબ ગુજરાત દોડી આવી જિલ્લા કલેકટરો અને અધિકારીઓ સાથે એસઆઈઆર સંદર્ભે બેઠકોનો દોર રાજયમાં શરુ કર્યો છે.

### BAPSનાં વડા મહંતસ્વામી મહારાજનાં જન્મજયંતિ મહોત્સવમાં

# ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ; ભાવનગરના ૪૦૦ મળી ૧૫૬૬૬ બાળકોએ શ્લોકોનું કર્યું સમૂહગાન

### ભાવનગરના વિદ્વાનોનું અક્ષરવાડી સત્સંગ રવિસભામાં સમ્માન કરાશે





ભાવનગર,તા.૬

ગત તારીખ ૨ ફેબ્રુઆરી ૨૦૨૬નાં રોજ વડોદરા ખાતે BAPS સંસ્થાનાં વડા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજનો ૯૨મો જન્મજયંતિ મહોત્સવ ખુબ જ ધામધૂમપૂર્વક ઉજવાય ગયો. તેમના દ્વારા લિખિત સત્સંગ દીક્ષા ગ્રંથનાં ૩૧૫ સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરનાર સંસ્થાના ૧૫૬૬૬ બાળ વિદ્વાનો દ્વારા આ જન્મજયંતિ મહોત્સવ દરમ્યાન આ શ્લોકોનું એક સરખા સુર, લય અને તાલમાં શાસ્ત્રોક્ત ઢાળમાં પાઘ અને ધોતી સાથે સમૂહમાં ગાન કરતાં સમગ્ર ઉત્સવસભા અને સાથે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડ સમિતિનાં અધિકારીઓ દંગ રહી ગયા હતા. અને પુરી શિસ્ત સાથે આ સમૂહગાન બાદ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કે એક સાથે ૧૫૦૦૦ કરતાં વધારે અને ૩ વર્ષ થી ૧૩ વર્ષ સુધીના બાળ બાલિકાઓએ આ સમૂહ ગાન કરતાં BAPS વડા મહંતસ્વામી મહારાજને દુનિયાનો પ્રસિદ્ધ વર્લ્ડ રેકર્ડ મહોત્સવ સભામાં અર્પણ કરીને સમિતિએ ધન્યતા અનુભવી હતી.

સંસ્થાનાં ૧૫૬૬૬ આ બાળ વિદ્વાનોમાં ભાવનગરનાં પણ ૪૦૦ કરતાં વધારે બાળ-બાલિકાએ પણ આ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું હતું જે ભાવનગર સત્સંગ મંડળ અને સમગ્ર ભાવનગર માટે ગૌરવ પ્રદાન કરનાર છે. આ તમામ બાળ વિદ્વાનો દ્વારા આ સંસ્કૃત શ્લોકોનાં સમૂહગાન અને વર્લ્ડ રેકર્ડ માત્ર ને માત્ર પોતાના ગુરુ મહંતસ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરવાં જ કર્યું હતું. જે એક મહાન સંદેશો આપનારુ સાબિત થાય છે. ભાવનગરનાં આ તમામ વિદ્વાનોનું આવતા રવિવારે તારીખ ૮ ફેબ્રુઆરીએ અક્ષરવાડી સત્સંગ રવિસભામાં સમ્માન કરવામાં આવશે.

# શોભાવડના પાટિયા નજીક અકસ્માતમાં નિવૃત્ત આર્મી જવાનનું મોત

### નેશનલ હાઈવે પર બે બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા

ભાવનગર,તા.૬

તળાજા-મહુવા હાઈવે પર બે બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં એક નિવૃત્ત આર્મી જવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આ ઘટનાથી પરિવારજનો અને તળાજા પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બુધવારે સાંજના સમયે તળાજાથી મહુવા જતા સોમનાથ નેશનલ હાઈવે પર નવા સોભાવડ ગામના પાટિયા પાસે આ અકસ્માત સર્જાયો હતો. બે બાઈક સામસામે અથડાતા કુલ ચાર વ્યક્તિઓને નાની-મોટી અને ગંભીર ઈજાઓ થઈ હતી.અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તળાજા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમાંથી એક વ્યક્તિને ગંભીર ઈજા થતાં તેમને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતા.

ઈજાગ્રસ્તોમાં મુક્તાબેન નંદલાલભાઈ રાઠોડ (ઉંમર ૩૮), વિશાલભાઈ નંદલાલભાઈ રાઠોડ (ઉંમર ૧૯) અને ભોમીબેન નંદલાલભાઈ રાઠોડ (ગામ ભારાપરા)નો સમાવેશ થાય છે. જ્યારે રામપરા ગામના નાજાભાઈ પબાભાઈ ચોપડાને ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર રીતે ઘાયલ નાજાભાઈ પબાભાઈ ચોપડાને ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. નાજાભાઈ અગાઉ આર્મી જવાન તરીકે સેવા આપી ચૂક્યા હતા અને વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા બાદ પરિવાર સાથે જીવન ગુજારતા હતા.

# ભાવ. સાબરમતી ઈન્ટરસિટીમાં વધારાના ચાર જનરલ કોચ લગાવાશે

### યાત્રીઓની સુવિધા માટે ભાવનગર મંડળની વિવિધ ટ્રેનોમાં સ્થાયી રીતે વધારાના જનરલ કોચની વ્યવસ્થા

ભાવનગર,તા.૬

યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલ પ્રશાસન દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત કેટલીક મુખ્ય ટ્રેનોમાં સ્થાયી રીતે વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી દૈનિક મુસાફરો તથા સામાન્ય શ્રેણીના યાત્રીઓને મુસાફરી દરમિયાન વધુ સુવિધા મળશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ટ્રેન નંબર ૨૦૯૬૬/૨૦૯૬૫ ભાવનગર—સાબરમતી—ભાવનગર ઈન્ટરસિટી એક્સપ્રેસમાં સ્થાયી રીતે ૦૪ જનરલ કોચ લગાવવામાં આવશે. આ સુવિધા ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ભાવનગર તથા ગાંધીગ્રામ બંને સ્ટેશનોથી અમલમાં આવશે.

ઉપરાંત ટ્રેન નંબર ૧૨૯૦૫/૧૨૯૦૬ પોરબંદર—શાલીમાર—પોરબંદર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં સ્થાયી રીતે ૦૧ વધારાનો જનરલ કોચ લગાવવામાં આવી રહ્યો છે. આ કોચ ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૬થી પોરબંદર સ્ટેશનથી તથા ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૬થી શાલીમાર સ્ટેશનથી લગાવવામાં આવશે. ત્યારબાદ આ ટ્રેનમાં જનરલ કોચોની સંખ્યા ૦૨થી વધીને ૦૩ થઈ જશે.

ટ્રેન નંબર ૨૦૯૬૮/૨૦૯૬૭ પોરબંદર—સિકંદરાબાદ—પોરબંદર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં પણ સ્થાયી રીતે ૦૧ વધારાનો જનરલ કોચ લગાવવાની સુવિધા આપવામાં આવી છે. આ સુવિધા ૦૩ ફેબ્રુઆરી, ૨૦૨૬થી પોરબંદર સ્ટેશનથી તથા ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૬થી સિકંદરાબાદ સ્ટેશનથી અમલમાં આવી ચૂકી છે. આ સાથે આ ટ્રેનમાં જનરલ કોચોની સંખ્યા ૦૨થી વધીને ૦૩ થઈ ગઈ છે.

રેલ પ્રશાસન દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય યાત્રીઓની વધતી માંગને ધ્યાનમાં રાખીને મુસાફરીને વધુ સુવિધાજનક, સુરક્ષિત તથા આરામદાયક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ટ્રેનના ઠેરવાઓ, રચના તથા સમયપત્રક અંગે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરી શકે છે.

### તળાજાના નાના ઘાણા ગામે ખેડૂત પર દીપડાનો હુમલો

ભાવનગર,તા.૬

તળાજા તાલુકાના નાના ઘાણા ગામે એક ખેડૂત પર દીપડાએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ખેડૂતને ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાથમિક માહિતી અનુસાર, ખેડૂત તેમના ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક દીપડાએ તેમના પર હુમલો કર્યો હતો. હુમલા બાદ આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ ઈજાગ્રસ્ત ખેડૂતને તાત્કાલિક તળાજાની સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

# પડતર માંગણીઓ અને ઓનલાઈન કામગીરીનો આંગણવાડી-આશા વર્કર બહેનો દ્વારા વિરોધ

### ભાવનગરમાં વિશાળ રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું




ભાવનગર,તા.૬

સીટુ (CITU) સંકલિત ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન અને આશા વર્કર બહેનો શહેરના મોતીબાગ ટાઉનહોલ ખાતે થી રેલી યોજી પોતાની પડતર માંગણીઓ અને વણઉકેલ્યા પ્રશ્નો મુદ્દે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

આંગણવાડી કાર્યકર રમિલાબા આર. ગોહિલે જણાવ્યું હતું કે, વર્ષોથી બાળ પોષણ અને આરોગ્ય ક્ષેત્રે પાયાની કામગીરી કરતી બહેનો પર હવે ઓનલાઈન કામગીરીનું ભારણ લાદવામાં આવ્યું છે. સરકાર દ્વારા મોબાઈલ આપવામાં આવ્યા નથી, છતાં બહેનોએ પોતાના અંગત મોબાઈલ પર ૬ જેટલી નવી એપ્લિકેશનો વાપરવી પડે છે,

'હેડ કાઉન્ટ' જેવી નવી એપમાં બાળકોની સંખ્યા પૂરેપૂરી દર્શાવવામાં આવતી નથી, જેના કારણે કામગીરીમાં અવરોધ આવે છે, નક્કી કરેલા સમય કરતા બમણું કામ લેવામાં આવે છે રાત્રે પણ અધિકારીઓ ફોન કરીને માહિતી માંગતા હોવાથી બહેનો માનસિક 'ટૉર્ચિંગ' અનુભવે છે હાઈકોર્ટ દ્વારા પગાર વધારાનો જે ચુકાદો આપવામાં આવ્યો છે, તેનો ફેબ્રુઆરીમાં ૬ મહિના પૂર્ણ થવા છતાં હજુ સુધી અમલ કરવામાં આવ્યો નથી,

બીજી તરફ આશા ફેસિલિટેટર રેખાબેન લશ્કરીએ સરકારની નીતિઓ પર પ્રહાર કરતા જણાવ્યું કે, ૨૦૨૨ થી કેન્દ્ર સરકારના ૨ હજાર રૂપિયામાં એક પણ રૂપિયાનો વધારો થયો નથી. ૧૫૦૦ રૂપિયાના વધારાની જાહેરાત માત્ર કાગળ પર

આભાર - નિહારીકા રવિયા જ રહી ગઈ છે, આશા અને ફેસિલિટેટર બહેનોને ઈન્સેન્ટિવના બદલે ફિક્સ પગાર આપવામાં આવે, છેલ્લા ત્રણ મહિનાથી બહેનોને ઈન્સેન્ટિવ કે પત્રક મળ્યા નથી, જેના કારણે આર્થિક મુશ્કેલી ઊભી થઈ છે, દર વર્ષે બે જોડી કપડાં આપવાના વચન સામે માત્ર એક જ વાર યુનિફોર્મ અપાયા છે, ઓનલાઈન ફેસ અપલોડ ન થાય તો ૨૫૦ રૂપિયા જેવી નજીવી રકમમાંથી પણ કાપ મૂકવામાં આવે છે,

આશા બહેનોએ આક્ષેપ કર્યો છે કે રાત્રે ૧૨ કે ૨ વાગ્યે ડિલિવરી કેસમાં જવું પડે છે, અને જો ન જઈ શકાય તો અધિકારીઓ દ્વારા મીટિંગમાં ધમકાવવામાં આવે છે. જો અમે કાયમી કર્મચારી નથી, તો અમારી પાસે ૨૪ કલાક કામ કેમ લેવામાં આવે છે, બહેનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે પગાર વધારાના ચુકાદાનો અમલ નહીં થાય અને ઓનલાઈન કામગીરીના નામે થતું શોષણ બંધ નહી થાય, તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### કોમર્સ ફેસ્ટની મેગા ઈવેન્ટમાં ૩૦ જેટલા પ્રોજેક્ટ પ્રદર્શિત કરાશે

# નંદકુંવરબા મહિલા કોલેજ ખાતે શીક્ષણ અને સર્જનાત્મકતાનું પ્રદર્શન

### ગ્રીન ટ્રાન્સપોર્ટેશન, પવન અને સૂર્ય ઉર્જા, સ્માર્ટ ચાર્જિંગ પોઈન્ટ અને બેંક ફ્રોડ અટકાવવાના પ્રોજેક્ટ રજૂ થશે

ભાવનગર,તા.૬

નંદકુંવરબા મહિલા કોલેજ-દેવરાજનગરના કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગ દ્વારા બીઝ સ્પેક્ટ્રમ કોમર્સ ફેસ્ટનું આયોજન તા. ૭ને શનિવારે કરવામાં આવેલ છે. જેમાં ૩૦ થી વધુ પ્રોજેક્ટ રજુ કરવામાં આવશે. જેમાં ૩૨૦ જેટલા વિધાર્થીનીઓ ભાગ લેશે. પ્રદુષણ મુક્ત સ્માર્ટ સીટી જેવા વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવશે. જે અંતર્ગત ૫ જેટલા વિવિધ ઝોન બનાવવામાં આવ્યા છે, જેવા કે ફાઈનાન્સ ફ્યુઝન, પ્રોટેક્ટીવ પલ્સ, વિઝન વ્યુ, ગ્રીન જેનીસીસ, ક્રિએટ કોવ જેવા વિવિધ ઝોનમાં પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવશે. અને ગેમ ઝોનમાં જ્ઞાન સાથે ગમ્મત મળે તેવી ગેમ્સ આયોજન કરેલ છે.

ખાસ કરીને સ્માર્ટ સીટી જેમાં ગ્રીન ટ્રાન્સપોર્ટેશન, સ્માર્ટ રોડની વ્યવસ્થા, એર પ્યોરીફીકેશન ટાવર, પાણી વ્યવસ્થાપન, પવન ઉર્જા, સૂર્ય ઉર્જા, સ્માર્ટ ચાર્જિંગ પોઈન્ટ, અને સ્વચ્છતા ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવશે જેથી પ્રદૂષણ મુક્ત શહેરની રચના કરી શકાય, તદુપરાંત તાજેતરમાં થઈ રહેલ બેંક ફ્રોડ કેવી રીતે થઈ રહ્યા છે તેમજ તેને અટકાવવા માટેના પગલાંઓ અંગે ની વિસ્તૃત રજૂઆત પ્રોજેક્ટના માધ્યમથી દીકરીઓ કરશે તેમજ તાજેતરમાં ભારત સરકારનું આત્મનિર્ભર ભારત ના પ્રકલ્પને અનુસંધાને આત્મનિર્ભર ભારત બ્લુ પ્રિન્ટ પ્રોજેક્ટ રજૂ કરાશે જેમાં ભારત દેશ કૃષિ, સંરક્ષણ, ઔદ્યોગિક ક્ષેત્ર અને ફાર્મા ક્ષેત્ર જેવા અનેક ક્ષેત્રે કેવી રીતે સ્વનિર્ભર બની શકે તેની ઝાંખી આ પ્રોજેક્ટ દ્વારા થશે તેમજ વિવિધ વિષયો પર વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ થશે. ૩૨૦ થી વધુ વિધાર્થિનીઓ વિવિધ પ્રોજેક્ટ્સ માં ભાગ લેશે.

### મેઘાલયની ખાણ દુર્ઘટનાના મૃતકોને મોરારિબાપુની સહાય

ભાવનગર,તા.૬

દેશના પૂર્વોત્તર રાજ્ય મેઘાલયમાં એક ખાણમાં બ્લાસ્ટ થયો હતો જેમાં ૧૮ લોકોનાં મોત નિપજ્યા હતા. જૈનીતીયા વિસ્તારમાં આવેલી એક કોલસાની ખાણમાં અચાનક જ બ્લાસ્ટ થયો હતો અને જોતજોતામાં ૧૮ લોકોનાં કરુણ મોત નિપજ્યા હતા. પૂ. મોરારીબાપુએ આ દુઃખદ ઘટના બની તેમાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૨,૭૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે મુંબઈ સ્થિત રામકથાના શ્રોતા વરુણ મોદી દ્વારા મેઘાલય ર

# રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા.ની દીક્ષા જયંતી નિમિતે નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ

### અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા આયોજીત કેમ્પમાં વિવિધ રોગના નિષ્ણાંત ડોક્ટરો સેવા આપશે

ભાવનગર,તા.૬

માનવ સેવા અને જીવદયા સત્કાર્યો માટે સદાય તત્પર રહેતા ભાવનગર અર્હમ યુવા સેવા ગ્રુપના સેવકો દ્વારા પ્રેરણાદાતા અને અસીમ ઉપકારી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ની ૩૫ મી દીક્ષા જયંતી અવસરે ભાવનગર ના સાધારણ પરિવાર ના વ્યક્તિ ઓ માટે વિશેષ ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ આગામી ૮ મી ફેબ્રુઆરી રવિવારે સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સુધી રાખવામાં આવેલ છે.

આ કેમ્પમાં ભાવનગરના નિષ્ણાત ડોક્ટર્સ નિઃ સ્વાર્થ ભાવે સેવા અર્પણ કરશે .તેઓ વિવિધ પ્રકારના આંખના, દાતના, ચામડીના, માનસિક રોગોના, હાડકાના, આદિ દર્દને તપાસી ચેક કરી યથા યોગ્ય માર્ગદર્શન આપશે. જરૂરી દવાઓ લખી આપશે. અને યથા યોગ્ય સહાય પણ આપશે. જેમાં આંખના રોગ માટે - ડૉ.અશેષભાઈ મહેતા, માનસિક રોગ માટે -ડૉ.મૈત્રેયીબેન શાસ્ત્રી, ચામડીના રોગ માટે - ડૉ.સંદીપભાઈ લાઠીયા, પ્રસૂતિ અને સ્ત્રીરોગ માટે- ડૉ.પૂજાબેન લાઠીયા, સમાન્ય રોગ માટે- ડૉ. સેજલબેન ચૌહાન, દાતના રોગ માટે- ડૉ.હેતલબેન ઉમંગભાઈ દેસાઈ, સાંધાના રોગો માટે ડૉ. કુશલભાઈ દોશી, શ્વાસના રોગ માટે - ડૉ.આગમભાઈ શાહ, બ્લડ યુરિનની તપાસ માટે - ડૉ.મૌલિકભાઈ શાહ એમની સેવા આપી માનવ સેવાના સત્કાર્યમાં સહયોગી થશે.

આ ઉપરાત અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા આંખના દર્દીઓને ફ્રીમાં આંખના ટીપાં અને ચશ્મા અર્પણ કરવામાં આવશે. સાથે સાથે CBC અને RBS રિપોર્ટ્સ પણ ફ્રી માં કરી આપવા ના છીએ.અર્હમ યુવા સેવા ગ્રુપ ની ભાવના છે કે વધુ ને વધુ વ્યક્તિઓ આ કેમ્પ ની લાભ લઈ પોતાના દર્દ માં શાતા અને રાહત અનુભવે.આ ફ્રી મેડિકલ કેમ્પનો લાભ લેનાર દર્દીઓએ ફરજિયાત મોં.ન. ૯૧૩૬૪૪૨૪૯૩ પર પોતાનું નામ એડ્રેસ અને દર્દીનું નામ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# ભાવ. જિલ્લામાં બંધ પડેલી રેલ સેવા પુનઃ કાર્યરત થવાનો કિશોર ભટ્ટને આશાવાદ

### બજેટમાં ગુજરાત રેલવેને મોટી રકમ ફાળવાઈ, સુવિધાઓ વધશે : સૌરાષ્ટ્ર પેસેન્જર એસો.ના જોઈન્ટ સેક્રેટરીએ વ્યક્ત કરી આશા

ભાવનગર,તા.૬

ગુજરાતની રેલવે સુવિધાની વિવિધ યોજના માટે કેન્દ્રીય જનરલ બજેટ ૨૦૨૬-૨૭માં ૧૭,૩૬૬ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ રકમની ફાળવણી થકી ધોલેરા, બોટાદની રેલવે સુવિધાઓને જડપી ન્યાય મળી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

સૌરાષ્ટ્ર પેસેન્જર એસોસિએશન જોઈન્ટ સેક્રેટરી વંદે માતરમ સેવા સંઘના પ્રમુખ પૂર્વ કોર્પોરેટર કિશોર ભટ્ટ જણાવ્યું હતુ કે, ભાવનગર-અધેળાઈ-ધોલેરા-અમદાવાદ રેલવે લાઈન માટે કામગીરી હવે આગળ ધપશે. અમદાવાદથી ધોલેરાની રેલવે લાઈન માટે જમીન સંપાદનનું કામ પણ શરૂ થયુ છે અને તેના માટે બે અધિકારીની નિયુક્તિ પણ કરી દેવામાં આવી છે.ઉપરાંત કોસ્ટલ રેલવે લાઈન ડેવલપ કરવાનું સરકારનું સ્વપ્ન છે, તેમાં મહુવા-તળાજા-અલંગ-ભાવનગરની રેલવે લાઈન પુનઃ શરૂ કરી શકાય તેના માટે કાર્યવાહી આગળ ધપવાના એંધાણ છે.

ઢસા-જેતલસર-બોટાદ ગેજ કન્વર્ઝનની કામગીરી સંપન્ન થયા બાદ ભાવનગર રેલવે ડિવિઝનને ટ્રેનોને વેગ મળ્યો છે. અમરેલી-ખીજડીયા રેલવે લાઈનનું કામ ગતિમાં છે. ઉપરાંત ગઢડા-નિંગાળાની જૂની લાઈન પુનઃ શરૂ કરવામાં આવે તેવી માંગણી પણ પેસેન્જર એસો. દ્વારા કરવામાં આવી છે.બજેટમાં ગુજરાતના રેલવે માટે મોટી રકમની ફાળવણી કરવામાં આવતા, ભાવનગર, બોટાદ જીલ્લા રેલ્વે સુવિધાથી વંચિત તાલુકાઓને ભાવનગર, તળાજા, ઘોઘા, વલભીપુર, ગારીયાધાર, જેસર પણ ક્રમે ક્રમે રેલવે લાઈન સાથે જોડાય તેવી આશા મજબૂત બની રહી છે.

### તળાજાના રાજપરામાં યુવકે ગળાફાંસો ખાઈ લીધો

ભાવનગર,તા.૬

તળાજા તાલુકાના રાજપરા નંબર બે ગામમાં એક યુવકે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. અરવિંદભાઈ હીરાભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૩૩) નામના યુવકે પોતાના ઘરે જ આ પગલું ભર્યું હતું.બનાવની જાણ થતાં જ મૃતદેહને તળાજા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા.આ ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. બીજી તરફ, પોલીસે યુવકના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# રામકથાનું મંગલાચરણ એટલે માત્ર મંગળ ઉચ્ચાર નહી, મંગળ આચરણ નિર્દેશ - મોરારિબાપુ

### દ્વારકા તીર્થમાં શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીના સાનિધ્ય સાથે રામકથા 'માનસ કૃષ્ણ અવતાર' પ્રારંભ



તસવીર : મુકેશ પંડીત

ભાવનગર,તા.૬

ભગવાન દ્વારકાધીશની પુણ્યધરા દ્વારકા તીર્થમાં શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીના સાનિધ્ય સાથે દીપ પ્રાગટ્ય સાથે મોરારિબાપુના વ્યાસાસને રામકથા 'માનસ કૃષ્ણ અવતાર' પ્રારંભા થયો છે. કથા પ્રારંભે બાપુ કહ્યું કે, રામકથાનું મંગલાચરણ એટલે માત્ર મંગળ ઉચ્ચાર નહી, મંગળ આચરણ નિર્દેશ છે તેમ સમજાવ્યું.

પ્રથમ દિવસે કથા ગાન કરતાં મોરારિબાપુએ રામ અવતાર એ સાતમો અવતાર અને રામચરિત માનસના સાત સોપાન એ ઉલ્લેખ સાથે ટૂંક મહાત્મ્ય વર્ણવ્યું અને આઠમો અવતાર એ કૃષ્ણ અવતાર જણાવી, રામકથા નિસરણી છે, જે ઉર્ધ્વગમન કરાવનાર છે, તેમ કહ્યું. તુલસીદાસજીએ વાણી અને વિનાયક વંદના કરીને શ્લોકને લોકમાં ઉતારવાનું કાર્ય ગણાવ્યું. સનાતન માટે આદિ શંકરાચાર્યજી દ્વારા પંચ દેવ પૂજન મહિમા વર્ણવી ગણેશ, સૂર્ય, વિષ્ણુ, શિવ અને દુર્ગા વંદના કરવામાં આવી.

દ્વારકા શારદાપીઠ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી દ્વારા પ્રેરક ઉદબોધનમાં રામનામની શક્તિનો મહિમા જણાવાયો. રામનામ પ્રાણી માત્ર માટે કલ્યાણકારી હોવાનું કહ્યું. મુક્તિના માર્ગ પરનું ભાથુ રામનામ છે. સદાનંદ સરસ્વતીજીએ સનાતન ધર્મ માટે ભાવ જણાવ્યો કે વિધર્મીઓના અનેક પ્રહારો પછી પણ કશું થયું નથી આમ છતાં હિન્દુ નાસ્તિકોની પ્રવૃતિનો રંજ વ્યક્ત કર્યો. તેમણે દ્વારકામાં મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલ આ રામકથાની પ્રસન્નતા વ્યક્ત કરી. કથા પ્રારંભે દીપ પ્રાગટ્ય અને પાઠશાળા વિદ્યાર્થીઓ દ્વારા મંત્રોચ્ચાર થયેલ. પ્રથમ દિવસે મુક્તાનંદબાપુ (ચાંપરડા), કેશવાનંદજી મહારાજ, મૂળદાસજી બાપુ (રામમઢી), જયશ્રી માતાજી, વિશ્વાનંદ માતાજી (શિવકુંજ જાળિયા) સહિત સંતો, મહંતો, કથાકારો અને અગ્રણીઓ જોડાયાં હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## ડિગ્રીની દોટમાં હારી જતી જિંદગી

આજે જ્યારે ભારત ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ ક્ષેત્રે વિશ્વભરમાં ડંકો વગાડી રહ્યું છે, ત્યારે તેની પાછળ એક કાળી વાસ્તવિકતા પણ છુપાયેલી છે. દેશની સર્વોચ્ચ ગણાતી અને અન્ય એન્જિનિયરિંગ સંસ્થાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓના આત્મહત્યાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. આ ઘટનાઓ માત્ર એક પરિવારની ખુશીઓ જ નથી છીનવી લેતી, પરંતુ રાષ્ટ્રની બૌદ્ધિક સંપત્તિનું પણ નુકસાન કરે છે. પ્રશ્ન એ થાય છે કે જે વિદ્યાર્થીઓ લાખોની ભીડમાંથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને અહીં પહોંચ્યા છે, તેઓ અચાનક જીવનથી કેમ હારી જાય છે?માનસિક ભીંસના અદ્રશ્ય કારણો પણ જાણવા જેવા છે.વિદ્યાર્થીઓના મન પર છવાયેલા આ અંધકાર પાછળ અનેક મનોવૈજ્ઞાનિક પરિબળો કામ કરે છે. સૌથી મોટું કારણ 'અપેક્ષાઓનો પહાડ' છે. મધ્યમવર્ગીય પરિવારોમાં જ્યારે કોઈ બાળક માં પ્રવેશ મેળવે છે, ત્યારે આખા પરિવાર અને સમાજની આશાઓ તેના પર ટકેલી હોય છે. આ આશાઓ વિદ્યાર્થી માટે પ્રોત્સાહનને બદલે માનસિક બોજ બની જાય છે. તેને સતત એ ડર સતાવે છે કે જો તે નિષ્ફળ જશે અથવા તેના માર્ક્સ ઓછા આવશે, તો તે સમાજને શું મોઢું બતાવશે?વળી, આ સંસ્થાઓનું શૈક્ષણિક વાતાવરણ અત્યંત કઠિન હોય છે. જે વિદ્યાર્થી પોતાની શાળામાં હંમેશા પ્રથમ આવતો હોય, તે જ્યારે અહીં પહોંચે છે ત્યારે તેને પોતાની જેવી જ પ્રતિભા ધરાવતા હજારો વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરવી પડે છે. આ તુલનાત્મક વાતાવરણમાં પોતાની જાતને સાબિત કરવાની મથામણ ઘણીવાર તેને લઘુતાગ્રંથિ તરફ દોરી જાય છે. આ સ્થિતિને મનોવિજ્ઞાનની ભાષામાં 'ક્રિટિકલ એન્ઝાયટી' કહેવામાં આવે છે, જેમાં વ્યક્તિ પોતાની ક્ષમતાઓ પર શંકા કરવા લાગે છે.એકલતા અને સંવાદનો અભાવ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં લેબ, અસાઈનમેન્ટ અને પ્રોજેક્ટ્સનો ભાર એટલો હોય છે કે વિદ્યાર્થીઓ પાસે પોતાની જાત માટે કે સામાજિક જીવન માટે સમય જ બચતો નથી. સતત સ્ક્રીન અને પુસ્તકો વચ્ચે ઘેરાયેલા રહેવાથી તેઓ ભાવનાત્મક રીતે એકલા પડી જાય છે. જ્યારે કોઈ વિદ્યાર્થી માનસિક તણાવ અનુભવે છે, ત્યારે તેને એમ લાગે છે કે તેની સમસ્યા કોઈ સમજી શકશે નહીં. આ 'કોમ્યુનિકેશન ગેપ' જોખમી સાબિત થાય છે. મિત્રો સાથેની વાતચીત હવે માત્ર કેરિયર અને પ્લેસમેન્ટ પૂરતી સીમિત થઈ ગઈ છે, જેમાં હૈયાધારણની કોઈ જગ્યા રહી નથી.નિવારણના સચોટ માર્ગો પણ છે.આ ગંભીર સમસ્યાને રોકવા માટે માત્ર આશ્વાસન પૂરતું નથી, પરંતુ પાયાના ફેરફારો અનિવાર્ય છે. શૈક્ષણિક સંસ્થાઓએ પોતાની પદ્ધતિમાં માનવતાવાદી અભિગમ અપનાવવો પડશે. એકેડેમિક કેલેન્ડર એવી રીતે તૈયાર થવું જોઈએ કે વિદ્યાર્થીઓને રમતગમત અને કળા માટે પણ પૂરતો સમય મળે. દરેક વિભાગમાં એવા કાઉન્સેલર્સ હોવા જોઈએ જે માત્ર નામ પૂરતા નહીં, પણ વિદ્યાર્થીઓ સાથે મિત્રતા કેળવીને તેમની સમસ્યાઓ જાણી શકે. સંસ્થાઓએ 'નિષ્ફળતાની ઉજવણી' અથવા નિષ્ફળતાને સહજ ગણતા સેમિનારો યોજવા જોઈએ જેથી વિદ્યાર્થીઓ સમજે કે એન્જિનિયરિંગ એ જિંદગીનો માત્ર એક પડાવ છે, મંજિલ નહીં.માતા-પિતાએ પણ પોતાના સંતાનો સાથે સંવાદ વધારવો પડશે. "તારા માર્ક્સ કેટલા આવ્યા?" એ પ્રશ્ન પૂછવાને બદલે "તું કેમ છે? તને કોઈ તકલીફ તો નથી ને?" એવા સવાલો પૂછવાની આદત પાડવી પડશે. બાળકોને નાનપણથી જ માનસિક મજબૂતી (ીજૈૈંીહષ્ઠી) શીખવવી જરૂરી છે. તેમને સમજાવવું પડશે કે જીવનમાં પ્લેસમેન્ટ કે પેકેજ કરતા સ્વાસ્થ્ય અને ખુશી વધુ મહત્વના છે.મિત્રોની ભૂમિકા અહીં સૌથી મહત્વની છે. 'પીઅર સપોર્ટ સિસ્ટમ' એટલી મજબૂત હોવી જોઈએ કે કોઈ પણ વિદ્યાર્થી પોતાની જાતને અસહાય ન અનુભવે.

## શિક્ષણ જાગૃતિ અને ગરીબીની વાસ્તવિકતાનો વિરોધાભાસ રજૂ કરતી તસવીર....




**ફ્રાઈડે ફોટો સ્ટોરી**
-જયદીપ એ. દવે

ભારતનું બંધારણ દરેક બાળકને શિક્ષણનો અધિકાર આપે છે અને રાજ્ય પર મફત તથા ફરજિયાત શિક્ષણની જવાબદારી મૂકે છે. છતાં નેશનલ સેમ્પલ સર્વે મુજબ ગુજરાતમાં ૨૦૨૪–૨૫ દરમિયાન આશરે ૫૪ હજાર બાળકો શિક્ષણથી વંચિત હતા, જે ૨૦૨૫–૨૬માં વધીને ચિંતાજનક રીતે ૨.૪૦ લાખને વટાવી ગયા—આ આંકડો માત્ર સરકારની નિષ્ફળતા નહીં, સમાજ માટે પણ નાલેશીજનક છે. શાળા છોડનારા બાળકોની સંખ્યા પણ સતત વધી રહી છે. ભાવનગરમાં ખાનગી શાળાની ઊંચી ફી, અલંગમાં કામ કરતા પરપ્રાંતીય મજૂરોનું સ્થળાંતર અને ખેતીની સિઝન મુજબ પરિવાર સાથે મજૂરી માટે થતા સ્થળાંતર બાળકોના અભ્યાસને અધવચ્ચે અટકાવે છે. ત્યારે ઘોઘા સર્કલ ખાતે ફુગ્ગા વેચતા ગરીબ પરિવારનો એક પુત્ર ફુગ્ગામાં હવા ભરવાનું શીખતો જોવા મળે છે, ત્યારે તેની પાછળની દિવાલ પર શિક્ષણ માટે જાગૃતિ ફેલાવતી તસ્વીર એક કરુણ વિરોધાભાસ ઊભો કરે છે—જાણે પ્રશ્ન પૂછતી હોય કે અધિકાર કાગળ પર છે, પણ બાળકના હાથમાં આજે પણ મજૂરી જ કેમ?

# સજ્જતાનું ત્રીજું સોપાન : અન્યોની ઈર્ષ્યાનો ત્યાગ

**કરંટ ટોપિક**

આપણામાંથી ઘણાના મનની એક વિલક્ષણતા કદાચ આ છે કે એને પોતાને શું મળ્યું છે ? એની એટલી ચિંતા નથી, પણ બીજાને પોતાના કરતા વધુ મળ્યું છે તો તેની પરવાહ વધારે છે. પોતાને નબળું મળ્યું છે એ એના માટે એટલો મોટો પ્રશ્ન નથી. પણ બીજાને પોતાનાથી વધારે સારું કેમ મળ્યું છે ? એ એના માટે જાણે યક્ષપ્રશ્ન છે. એ પોતાનાં દુઃખનાં કારણે જેટલું દુઃખી થાય છે એના કરતા બીજાનું સુખ જોઈને વધુ દુઃખી થાય છે. મનની આ વિલક્ષણતાને દૂર કરવા માટે જ જૈનાચાર્ય સોમપ્રભસૂરીશ્વરજી મહારાજે સ્વરચિત' સિન્દૂરપ્રકર' ગ્રન્થમાં સજ્જન બનવા માટેનું ત્રીજું લક્ષણ જાણે આ રીતે બતાવ્યું છે કે 'સંતોષ વહતે પરદ્ધિષુ.' મતલબ કે સજ્જન વ્યક્તિએ છે જે બીજાની સમૃદ્ધિ નિહાળીને મનમાં સંતોષ ધારણ કરે- ઈર્ષ્યા ન કરે.

અન્યની સમૃદ્ધિમાં સુખમાં આવો સંતોષ ધારણ કરનાર વ્યક્તિનાં જીવનમાં ચાર લાભો થાય છે : (૧) બીજાના સુખમાં સુખ મળે છે- અન્યનું સુખ નિહાળીને મનમાં ઈર્ષ્યાનો ભાવ પ્રગટતો નથી બલ્કે આનંદની અનુભૂતિ થાય છે. (૨) લાલસાઓ શાંત બને છે- અન્યો સાથે સ્પર્ધાનો ભાવ ન હોવાના કારણે નવું નવું મેળવી લેવાની પ્રવૃત્તિઓ ઘટે છે. (૩) તત્ત સ્વસ્થ રહે છે- જીવનમાં સંતોષવૃત્તિ હોવાનાં કારણે નિરર્થક અને અતિશય દોડધામ રહેતી નથી. તેથી તન સ્વસ્થ-નિરોગી રહે છે અને (૪) તન સમાધિમાં રહે છે- બીજો મેળવી જાય છે, હું રહી જાઉં છું અથવા તો બીજાને વધારે મળે છે, મને ઓછું આવો ઉચાટ મનમાં રહેતો નથી. મન હરદમ પ્રસન્ન રહે-સમાધિમાં રહે છે. અન્યની સમૃદ્ધિમાં આવી સંતોષવૃત્તિ ન હોય અને ઈર્ષ્યાવૃત્તિ હોય તો પરિણામમાં ઘણીવાર મેળવવાના બદલે ગુમાવવાનું આવતું હોય છે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ નાનકડી ઘટના :



ગામની બહાર બે ગરીબ વૃદ્ધા બાજુ બાજુમાં કુટિર બનાવીને એકલી રહે. એકનું નામ શાંતા અને બીજીનું નામ કાંતા. એક દીવસ કોઈ સંતના ઉપદેશથી શાંતાએ ગામથી દૂર રહેલા યક્ષને સાધના કરી પ્રસન્ન કર્યા અને રોજ એક સોનામહોર મેળવવાનું વરદાન મેળવ્યું. ધીરે ધીરે શાંતાના દિદાર બદલાવા લાગ્યા. આ વાતની ખબર ક્યાંકથી પડી કાંતાને. એનાં મનમાં ઈર્ષ્યા જાગી. શાંતા સુખી થઈ અને હું રહી ગઈ આ વિચારે એ દુઃખી થઈ. એણે પણ મહેનત કરી યક્ષને પ્રસન્ન કર્યા. યક્ષ પાસેથી રોજ બે સોનામહોર મળે એવું વરદાન મેળવ્યું. શાંતાને આ વાતનો ખ્યાલ આવતા ઈર્ષ્યાથી એણે ફરી યક્ષસાધના કરી, નિત્ય ચાર સોનામહોરો મળે એવું વરદાન મેળવ્યું. એ પછી કાંતાએ આઠ સોનામહોરોનું- શાંતાએ સોળ સોનામહોરોનું- કાંતાએ બત્રીશ સોનામહોરોનું- શાંતાએ ચોસઠ સોનામહોરોનું.. એમ વરદાનપ્રાપ્તિનો ક્રમ ચાલ્યો. ન કાંતા થાકે.. ના શાંતા થાકે.. પણ આમાં પેલો યક્ષ એક દિવસ થાકી ગયો. આખરે એણે કંટાળીને શાંતા અને કાંતા પાસેથી તમામ વરદાન પરત લઈ લીધા. એટલું જ નહિ, ઝૂંપડીમાંથી મહેલસમા બનેલા તેમના આવાસોને પણ પુનઃ કુટિરમાં પરિવર્તિત કરી દીધા. સજ્જન બનવા માટે આપણે આવી ઈર્ષ્યાવૃત્તિને છોડીને અને સંતોષવૃત્તિને જીવનમાં અપનાવવા સાથે યાદ રાખીએ આ સંદેશ કે 'અન્યનાં દુઃખે સુખી થાય એ દુર્જન છે, અન્યનાં સુખે સુખી થાય એ સજ્જન છે...'

# અમેરિકાના સુપરપાવરથી પણ એક પગથિયું ઊંચું એવું હાઈપર પાવર

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

ભારત અને અમેરિકાના સંબંધો આજે ૨૧મી સદીની સૌથી મહત્વપૂર્ણ ભાગીદારી ગણાય છે. આ સંબંધોને સમજવા માટે આપણે તેને ત્રણ મુખ્ય પાસાઓથી જોઈ શકીએ: લોકશાહી, સુરક્ષા અને અર્થતંત્ર.

> **ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મજબૂત શક્તિ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યું છે. આ માટે અમેરિકા ભારતને અદ્યતન શસ્ત્રો, ડ્રોન ટેકનોલોજી અને લશ્કરી ગુપ્ત માહિતી પૂરી પાડી રહ્યું છે. જોકે, ભારત પોતાની 'સ્વાયત્ત વિદેશ નીતિ' જાળવી રાખે છે; એટલે કે ભારત અમેરિકાનો સાથી છે, પણ તેનો 'ગુલામ' કે 'સેટેલાઇટ' દેશ નથી.**

૧. વૈશ્વિક લોકશાહીનું જોડાણ:

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને અમેરિકા સૌથી જૂની. આ સમાન મૂલ્યો બંને દેશોને એકબીજાની નજીક લાવે છે. છેલ્લા બે દાયકામાં બંને દેશો વચ્ચેનો વિશ્વાસ વધ્યો છે, જેનું ઉદાહરણ 'ક્વાડ' (QUAD) જેવી સંસ્થાઓ છે, જ્યાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે મળીને કામ કરે છે.

૨. સુરક્ષા અને ચીનનો પડકાર:

એશિયામાં ચીનનું વધતું જતું પ્રભુત્વ ભારત અને અમેરિકા બંને માટે ચિંતાનો વિષય છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મજબૂત શક્તિ તરીકે ઉભરે. આ માટે અમેરિકા ભારતને અદ્યતન શસ્ત્રો, ડ્રોન ટેકનોલોજી અને લશ્કરી ગુપ્ત માહિતી પૂરી પાડી રહ્યું છે. જોકે, ભારત પોતાની 'સ્વાયત્ત વિદેશ નીતિ' જાળવી રાખે છે; એટલે કે ભારત અમેરિકાનો સાથી છે, પણ તેનો 'ગુલામ' કે 'સેટેલાઈટ' દેશ નથી.

૩. વેપાર અને ટેકનોલોજી:

અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર છે. આઈટી (IT), ફાર્માસ્યુટિકલ્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે બંને દેશો ગાઢ રીતે જોડાયેલા છે. અમેરિકામાં વસતા લાખો ભારતીયો (ડાયસ્પોરા) બંને દેશો વચ્ચે એક મજબૂત સેતુનું કામ કરે છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એડોબ જેવી મોટી કંપનીઓના ભારતીય મૂળના સીઈઓ (CEOs) આ સંબંધોની સફળતાનું પ્રતીક છે.

ભારત અમેરિકાના સંબંધો સામેના પડકારો અનેક છે.સંબંધોમાં ઉતાર-ચઢાવ પણ છે. રશિયા સાથે ભારતની જૂની મિત્રતા અને ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' જેવી કડક ટેરિફ નીતિઓ ક્યારેક તણાવ પેદા કરે છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત તેના દરેક યુદ્ધમાં સાથ આપે, જ્યારે ભારત પોતાના રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપે છે.

ટૂંકમાં કહીએ તો, ભારત અને અમેરિકાના સંબંધો હવે માત્ર લેવડ-દેવડના નથી, પરંતુ વ્યૂહાત્મક મજબૂરી અને પરસ્પર સન્માનના છે. ભારત આજે અમેરિકા માટે એક એવો મિત્ર છે જેની ઉપેક્ષા કરવી હવે કોઈપણ અમેરિકન પ્રમુખ માટે શક્ય નથી.

સાવિયત સંઘની ગોકળગતિ સામે હરણફાળ ભરતા અમેરિકાનું મુક્ત અર્થતંત્ર ટેકનોલોજી ક્ષેત્રે નવી-નવી શોધો માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરતું હતું. ત્યાંની ટેક કંપનીઓએ એકવીસમી સદીની દુનિયાને બદલી નાખી છે. આઈટી, ઈન્ટરનેટ, કમ્પ્યૂટર, ડિજિટલ ઈલેક્ટ્રોનિક્સ, ઈત્યાદિને કારણે મૉડનીઈઝેશનની હોડમાં અમેરિકા વિજેતા સાબિત થયું છે. વર્તમાન જગતમાં સર્વાધિક શક્તિ હાંસલ કરનાર રાષ્ટ્ર તરીકે અમેરિકા માટે મહાસત્તા કે સુપરપાવરની પદવી ક્યારેક નાની પડે. અમેરિકા સુપરપાવરથી પણ એક પગથિયું ઊંચું એવું હાઈપરપાવર છે.

સૈન્ય શક્તિ દ્વારા વ્યૂહાત્મક વિસ્તારવાદને અનુસરીને અમેરિકાએ વિશ્વમાં અનેક સ્થળે નાનાં-મોટાં લશ્કરી મથકો સ્થાપ્યાં છે. ૨૦૨૫ના આંકડા મુજબ એંશીથી વધારે દેશોમાં પથરાયેલા મથકોની સંખ્યા ૭૫૦થી પણ વધારે છે, જ્યાં ૧.૭૩ લાખ વ્યક્તિઓ તહેનાત છે. અમેરિકાનું મિલિટરી બજેટ ૨૦૨૫માં ૮૫૦ અબજ ડૉલર્સ હતું, ૨૦૨૬માં ૮૯૨ ડૉલર્સ રહેશે અને ૨૦૨૭માં ડોનાલ્ડ ટ્રમ્પની ઈચ્છા એને ૧૬૦૦ અબજ ડૉલર્સ સુધી લઈ જવાની છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં તેમણે ફરમાન કાઢીને 'ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ'ના સહાયક નામ તરીકે 'ડિપાર્ટમેન્ટ ઑફ વૉર' પણ લાગું કરાવેલું.

પણ ટોચના અમેરિકન રાજનીતિજ્ઞો, નીતિ-નિર્ધારકો, બૌદ્ધિકો પણ આવી અન્ય ઘણી થિયરી સમજતા હશે.

આ તબક્કે અમેરિકા એટલું તો મૂર્ખ નથી લાગતું કે એ આર્થિક ક્ષમતા બહારનો જંગ ખેલવા નીકળી પડે. એટલે અમેરિકા સાથી દેશોને યુદ્ધ માટે સજ્જ થવા દબાણ કરી રહ્યું છે.

નેટો/નાટો સંગઠનના સૌથી બળશાળી સભ્ય તરીકે અમેરિકા મહદંશે યુરોપના સાથી દેશોની રક્ષાની જવાબદારી અને અડધોઅડધ ખર્ચ ઉઠાવતું આવ્યું છે. જોકે ટ્રમ્પની આગેવાનીમાં અમેરિકા પોતાની જવાબદારી હળવી કરીને યુરોપના દેશો પર અધિક જવાબદારી અને આર્થિક બોજ લાદવાની નીતિ અપનાવી રહ્યા છે. અમેરિકાનું લાંબા સમયથી દબાણ છે કે યુરોપના દેશો પોતપોતાનું મિલિટરી બજેટ વધારે અને યુક્રેન યુદ્ધના ખપ્પરમાં એ પણ બરાબર ભોગ આપે. ગ્રીનલૅન્ડનું કોકડું ઊભું કરીને ટ્રમ્પે યુરોપના દેશોને ભાન કરાવી દીધું છે કે સૈન્ય ક્ષમતા વગર તેઓ કેટલા લાચાર અને નિઃસહાય છે.

તાઈવાન મુદ્દે ચીન સાથે જંગ ખેલાય તો ઑસ્ટ્રેલિયા અને જાપાન પાસેથી પણ અમેરિકાને આવી જ આશા છે. જાપાન બાર વર્ષથી સતત મિલિટરી બજેટ વધારી રહ્યું છે, સૈન્ય અને ડિફેન્સ સિસ્ટમને દુરસ્ત કરી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૫માં વડા પ્રધાન સાનાએ તાકાઈચીએ એવા અર્થમાં નિવેદન આપેલું કે જો ચીન તાઈવાન પર હુમલો કરશે તો જાપાન તાઈવાનની વહારે આવશે.

પૉલ કેનેડીની થિયરી પ્રમાણે મહાસત્તાની માઠી દશા ત્યારે શરૂ થાય, જ્યારે એ આર્થિક ક્ષમતાના પ્રમાણમાં ક્યાંય વધારે લશ્કરી ખર્ચ કરવા લાગે. પહેલી નજરે ટ્રમ્પની હરકતો પરથી એવું જ લાગે છે, પરંતુ ચિત્ર જરાક અલગ છે. બને કે પૉલ કેનેડીની 'ઈમ્પિરિયલ ઓવરસ્ટ્રેચ' થિયરીથી ટ્રમ્પ અજાણ હોય,

ઈઝરાયેલ જેવા સાથી દેશો છે. ઈઝરાયેલે તો અસ્તિત્વ ટકાવવા મિલિટરી બજેટ મોટું રાખ્યા સિવાય છૂટકો નથી. રહી વાત ભારતની, તો આપણા અંગત વિવાદને કારણે ચીન સાથે યુદ્ધ કરવાનું થાય તો ભારત તૈયાર રહેશે, પણ અમેરિકા-ચીન વચ્ચેના જંગમાં ભારત કોઈનો પક્ષ નહી લે એ હાલ પૂરતું સ્પષ્ટ છે. કદાચ આ પણ એક કારણ હશે કે ટ્રમ્પને ભારત હવે ખાસ ઉપયોગી નથી લાગતું. ટ્રમ્પને અમેરિકા વતી યુદ્ધ લડી શકે એવા સાથી કે ગુલામ દેશો જોઈએ છે, જે ભારત ક્યારેય નહીં બને.

સ્પેન અને બ્રિટનનું અનુકરણ કરીને અમેરિકા વિશ્વભરમાં સૈન્ય મથકો પાથરીને બેઠું છે. કિંતુ ઈતિહાસના પાઠ ભણેલું અમેરિકા સાવ આંધળો ખર્ચ કરીને યુદ્ધની જવાળાઓમાં પોતાના અર્થતંત્રને હોમી દે એવું અત્યારે તો લાગતું નથી. ઊલટાનું, અમેરિકાની નવી નીતિ એવી જણાય છે કે જો મોટું યુદ્ધ ફાટી નીકળે તો પોતાની એકલાની જ આર્થિક ખુવારી ના થાય અને નુકસાન સરખે ભાગે સાથી મિત્રોમાં પણ વહેંચાય. આ ઘણી સમજદારી ભરેલી ચાલ છે.

પૉલ કેનેડી લશ્કરી તાકતનો પાયો આર્થિક ક્ષમતા અને અર્થતંત્રને ગણાવે છે. આ મામલે અમેરિકા ચોક્કસ એક ગંભીર સંકટમાં ઘેરાઈ ગયું છે. સ્પેનિશ રાજાશાહીની જેમ એ પણ અનેક વસ્તુઓની આયાત કરે છે. એણે દાયકાઓથી નીચલા સ્તરનું મૅન્યુફેક્ચરિંગ વર્ક ચીન, મેહિકો અને વિએતનામ જેવા દેશોમાં મોકલી દીધું છે. એ ક્ષેત્રોમાં અમેરિકાની આર્થિક ક્ષમતાનો ક્ષય થયો છે. ટ્રમ્પની ટેરિફ વૉરનો એક લાંબા ગાળાનો હેતુ આ પ્રકારનું મૅન્યુફેક્ચરિંગ અને એને સંલગ્ન રોજગારી પાછી ખેંચી લાવવાનો છે.

જોકે કેટલુંક ઉચ્ચ સ્તરનું અને સ્પેશિયલાઇઝ્ડ મૅન્યુફેક્ચરિંગ હજુ પણ અમેરિકામાં થાય છે. જેમ કે ઍરોસ્પેસ, સેમિકન્ડક્ટર, બાયોટેક, ફાર્મા અને ઈન્ડસ્ટ્રિઅલ ઑટોમેશન. નવી ટૅક્નોલોજી, ડિવાઇઝ, ઇત્યાદીની પૅટન્ટ અને ડિઝાઈનની માલિકી અમેરિકનો પાસે રહે છે. વિશ્વની ટોચની આઈ.ટી. કંપનીઓ પર અમેરિકાનો એકાધિકાર છે. ડિફેન્સ ટૅક્નોલોજી, અદ્યતન શસ્ત્રો, ફાઈટર જેટ જેવી બાબતોમાં પણ એનો દબદબો છે. આ ક્ષેત્રોમાં અમેરિકાની આર્થિક ક્ષમતા હજુ અકબંધ છે.

# વૈભવ સૂર્યવંશીએ નિકોલસ પૂરનને પાછળ છોડીને સિદ્ધિ હાંસલ કરી



નવીદિલ્હી,
આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬ ની બીજી સેમિફાઈનલ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ સંપૂર્ણ રીતે પ્રભુત્વ મેળવ્યું હતું અને એકતરફી ૭ વિકેટથી મેચ જીતી હતી. ૩૧૧ રનના લક્ષ્યનો પીછો કરતા, ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ૩૩ બોલમાં ૬૮ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેમાં કુલ ૪ છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે, વૈભવ સૂર્યવંશીએ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી, વેસ્ટ ઈન્ડિઝના સ્ટાર ખેલાડી નિકોલસ પૂરનને એક ખાસ પાસામાં પાછળ છોડી દીધો. હવે, વૈભવ સૂર્યવંશી પાસે અંતિમ મેચમાં ઈતિહાસ રચવાની તક હશે.

અંડર-૧૯ વર્લ્ડ કપની એક જ આવૃત્તિમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ દક્ષિણ આફ્રિકાના ડેવાલ્ડ બ્રુઈસના નામે છે, જેમણે ૨૦૨૨ના વર્લ્ડ કપમાં કુલ ૧૮ છગ્ગા ફટકાર્યા હતા. વૈભવ સૂર્યવંશી આ યાદીમાં ઈંગ્લેન્ડના જેક બર્નહામ સાથે બીજા ક્રમે છે, બંનેએ ૧૫-૧૫ છગ્ગા ફટકાર્યા હતા. જેક બર્નહામે ૨૦૧૬ના અંડર-૧૯ વર્લ્ડ કપમાં કુલ ૧૫ છગ્ગા ફટકાર્યા હતા. નિકોલસ પૂરન અને માઈકલ હિલ આ યાદીમાં ત્રીજા ક્રમે છે, જેમણે અંડર-૧૯ વર્લ્ડ કપની એક જ આવૃત્તિમાં ૧૪-૧૪ છગ્ગા ફટકાર્યા હતા. હવે, જો વૈભવ સૂર્યવંશી ૬ ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામેની ફાઈનલમાં ૪ છગ્ગા ફટકારવામાં સફળ થાય છે, તો તે ડેવાલ્ડ બ્રેવિસનો રેકોર્ડ તોડી નાખશે અને અંડર-૧૯ વર્લ્ડ કપની એક જ આવૃત્તિમાં સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડી બનશે.

અંડર-૧૯ વર્લ્ડ કપના એક જ એડિશનમાં સૌથી વધુ છગ્ગા મારનારા ખેલાડીઓ

ડેવાલ્ડ બ્રુઈસ (દક્ષિણ આફ્રિકા) - ૧૮ છગ્ગા, ૨૦૨૨

જેક બર્નહામ (ઈંગ્લેન્ડ) - ૧૫ છગ્ગા, ૨૦૧૬

વૈભવ સૂર્યવંશી (ભારત) - ૧૫ છગ્ગા, ૨૦૨૬

માઈકલ હિલ (ઓસ્ટ્રેલિયા) - ૧૪ છગ્ગા, ૨૦૦૮

નિકોલસ પૂરન (વેસ્ટ ઈન્ડીઝ) - ૧૪ છગ્ગા, ૨૦૧૪

વૈભવ સૂર્યવંશીએ આ અંડર-૧૯ વર્લ્ડ કપમાં હજુ સુધી સદી ફટકારી નથી, અને દરેકને આશા છે કે તે ઈંગ્લેન્ડ સામેની ફાઈનલમાં આ ખામીને દૂર કરશે. વૈભવે અત્યાર સુધીમાં ટુર્નામેન્ટમાં કુલ ૬ મેચમાં બેટિંગ કરી છે અને ૪૪ ની સરેરાશથી ૨૬૪ રન બનાવ્યા છે, જેમાં તેના બેટમાંથી ત્રણ અડધી સદીની ઈનિંગ્સ જોવા મળી છે, જ્યારે તેનો સ્ટ્રાઈક રેટ ૧૪૭.૪૯ રહ્યો છે.

# કિશને ૨૦ બોલમાં ૨૫૦ થી વધુના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા, નોરખિયાની એક જ ઓવરમાં ત્રણ છગ્ગા ફટકાર્યા



નવીદિલ્હી,
ભારતીય ટીમ આગામી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે તેની તૈયારીઓનું પરીક્ષણ કરવા માટે નવી મુંબઈમાં ડૉ. ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે દક્ષિણ આફ્રિકા સામે પ્રેક્ટિસ મેચ રમી રહી છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, જેનાથી ઓપનિંગ જોડીમાં ફેરફાર થયો જેની ચર્ચા ઘણા સમયથી થઈ રહી હતી. ન્યૂઝીલેન્ડ સામેની ૨૦ શ્રેણીમાં ઉત્તમ ફોર્મમાં રહેલા ઈશાન કિશનને આ પ્રેક્ટિસ મેચમાં અભિષેક શર્મા સાથે ઈનિંગ ઓપન કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ઈશાન કિશનને ઈનિંગ ઓપન કરવાની તક મળતાં તેણે બંને હાથે તેને પકડી લીધો, માત્ર ૨૦ બોલમાં શાનદાર ૫૩ રન બનાવ્યા અને નિવૃત્ત થયા.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા, ટીમ ઈન્ડિયાએ સ્પષ્ટ કર્યું હતું કે ઈશાન કિશન મેગા ટુર્નામેન્ટમાં અભિષેક શર્મા સાથે બેટિંગની શરૂઆત કરશે. દક્ષિણ આફ્રિકા સામેની વોર્મ-અપ મેચમાં, ઈશાન કિશને ફક્ત ૨૦ બોલનો સામનો કર્યો, જેમાં તેણે ૨૬૫ ના પ્રભાવશાળી સ્ટ્રાઈક રેટથી કુલ ૫૩ રન બનાવ્યા અને પછી રિટાયર્ડ આઉટ થયો. આ શાનદાર ઈનિંગ દરમિયાન, ઈશાન કિશને કુલ ૭ છગ્ગા અને ૨ ચોગ્ગા ફટકાર્યા. આ ઈનિંગ દરમિયાન, ઈશાન કિશને અનુભવી દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર એનરિચ નોર્ટજે સામે એક ઓવરમાં ત્રણ છગ્ગા ફટકાર્યા, જેના કારણે કોઈપણ આફ્રિકન ફિલ્ડર માટે તેના શોટ રોકવા મુશ્કેલ બન્યા.

ઈશાન કિશનના ઓપનિંગ બેટ્સમેન બનવાનું સૌથી મોટું કારણ તિલક વર્માનું ટીમ ઈન્ડિયામાં વાપસી છે, જેના કારણે તેમને નંબર ૩ પર રમવાની તક મળી.

# પાકિસ્તાનના મેચ બહિષ્કારના નિર્ણયથી બાંગ્લાદેશ નારાજ




ઢાકા,
૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા હાઈ-વોલ્ટેજ ડ્રામા ચાલુ છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પછી, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હવે બેશરમીની બધી હદો વટાવી દીધી છે. તેણે ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની ગ્રુપ મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. જો કે, આ મેચનો બહિષ્કાર કરીને પાકિસ્તાને જે રાજકીય યુદ્ધ શરૂ કર્યું હતું તે હવે તેના કથિત સાથી બાંગ્લાદેશ માટે સમસ્યાઓ ઊભી કરી રહ્યું હોય તેવું લાગે છે. આ નિર્ણયથી માત્ર આઈસીસી અને પીસીબીને નાણાકીય નુકસાન થવાની ધમકી જ નથી, પરંતુ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડમાં પણ અસંતોષ ફેલાયો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટી ૨૦ મેચને વિશ્વની સૌથી વધુ કમાણી કરતી ક્રિકેટ મેચોમાંની એક માનવામાં આવે છે. પ્રસારણ અધિકારો, જાહેરાત, સ્પોન્સરશિપ, ટિકિટ અને અન્ય વ્યાપારી પ્રવૃત્તિઓ સહિત, મેચની કિંમત આશરે ઈ૫૦૦ મિલિયન હોવાનો અંદાજ છે. આ આવકનો મોટો હિસ્સો આઈસીસીને જાય છે, જે પછી તમામ સભ્ય બોર્ડમાં વહેંચવામાં આવે છે. પરિણામે, તેને ફક્ત ભારત કે પાકિસ્તાન માટે જ નહીં, પરંતુ સમગ્ર ક્રિકેટ જગત માટે આર્થિક એન્જિન માનવામાં આવે છે. જોકે, હવે જ્યારે પીસીબીએ મેચનો બહિષ્કાર કરવાનું વિચાર્યું છે, ત્યારે આઈસીસી પીસીબીને મળેલા ભંડોળમાંથી નુકસાનની ભરપાઈ કરી શકે છે.રસપ્રદ વાત એ છે કે, બાંગ્લાદેશે ભારતમાં રમવાનો ઈનકાર કર્યા પછી અને સ્કોટલેન્ડની તરફેણમાં ટુર્નામેન્ટમાંથી બાકાત રાખવામાં આવ્યા પછી પાકિસ્તાને બાંગ્લાદેશના સમર્થનમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કર્યો હતો. પરંતુ હવે, મ્ઝમ્નો એક વર્ગ આ નિર્ણયથી નાખુશ છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના એક વરિષ્ઠ ડિરેક્ટરે બાંગ્લાદેશી અખબાર પ્રથમ આલો સાથે વાત કરતા કહ્યું, "જો ભારત-પાકિસ્તાન મેચ નહીં થાય, તો સમગ્ર ક્રિકેટ જગતને નાણાકીય નુકસાન થશે. અમારા ડિવિડન્ડમાં પણ ઘટાડો થશે. અમે આવું નુકસાન ઈચ્છતા નહોતા."

બીસીબીના અન્ય એક અધિકારીએ આઈસીસી કમાણીમાં ઘટાડા અંગે સ્પષ્ટપણે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, "આની સીધી અસર આઈસીસીના કેન્દ્રીય આવક પૂલ પર પડશે. અમે તે ભંડોળમાં પણ હિસ્સેદાર છીએ. નાના દેશો દસ લાખ કે બે ડોલરથી સંતુષ્ટ થઈ શકે છે, પરંતુ અમે અમારા માળખાગત સુવિધાઓથી કેવી રીતે ટકીશું?"

# ક્રિકેટના મેદાન પર કોઈ રાજકારણ ન હોવું જોઈએ, પરંતુ ભારત ઘણા વર્ષોથી આ કરી રહ્યું છે:પાકિસ્તાની પીએમ



ઈસ્લામાબાદ,
ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે આયોજિત આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે, પરંતુ તે પહેલાં, પાકિસ્તાની ટીમ સતત હરકતોનો ભોગ બની રહી છે. પાકિસ્તાન તેની બધી મેચ શ્રીલંકામાં રમશે, અને તેની ટીમ ભાગ લેવા માટે ત્યાં પહોંચી ચૂકી છે. દરમિયાન, પાકિસ્તાન સરકારે તેની ટીમને ૧૫ ફેબ્રુઆરીએ ભારતીય ટીમ સામેની ગ્રુપ મેચનો બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો છે.પીસીબીએ હજુ સુધી આઈસીસીને આ અંગે સત્તાવાર રીતે જાણ કરી નથી, અને હવે પાકિસ્તાની વડા પ્રધાને તેમની સરકારના નિર્ણય અંગે પોતાનું પહેલું નિવેદન બહાર પાડ્યું છે.

ઈસ્લામાબાદમાં કેબિનેટની બેઠક બાદ, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચ અંગે પોતાની સરકારના નિર્ણય અંગે પોતાનું પહેલું નિવેદન બહાર પાડ્યું. પાકિસ્તાની વડા પ્રધાને કહ્યું, "અમે ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારત સામે ૧૫ ફેબ્રુઆરીની મેચ ન રમવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કારણ કે અમારું વલણ સ્પષ્ટ છે: ક્રિકેટનું મેદાન ક્રિકેટ માટે છે, રાજકારણ માટે નહીં. ક્રિકેટના મેદાન પર કોઈ રાજકારણ ન હોવું જોઈએ, પરંતુ ભારત ઘણા વર્ષોથી આ કરી રહ્યું છે." એ નોંધવું જોઈએ કે શાહબાઝ શરીફના નેતૃત્વ હેઠળની પાકિસ્તાની સરકારે તેની ટીમને શ્રીલંકા જવા અને વર્લ્ડ કપમાં રમવાની પરવાનગી આપી છે.પીસીબીને ભારે દંડનો સામનો કરવો પડી શકે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આ સરકારી આદેશ અંગે સંપૂર્ણ મૌન જાળવી રાખ્યું છે, આ મુદ્દે આઈસીસી સાથે સત્તાવાર રીતે વાતચીત કરવાનો ઈનકાર કર્યો છે. જો પાકિસ્તાનની ટીમ ભારત સામે રમવાનો ઈનકાર કરે છે, તો તેને ભારે દંડનો સામનો કરવો પડી શકે છે.આઈસીસીના નિયમો હેઠળ, કોઈપણ ટીમ વૈશ્વિક ટુર્નામેન્ટમાં પસંદગીપૂર્વક ભાગ લઈ શકતી નથી.




# પ્રિયંકાએ રાજામૌલીને ફિલ્મમાં ડાન્સ સિકવલ રાખવા ખાસ વિનંતી કરી

## પ્રિયંકા ચોપરા અગાઉ ''ધ સ્કાય ઈઝ પિંક'' ફિલ્મમાં જોવા મળી હતી. ત્યારથી તે હિન્દી ફિલ્મમાં દેખાઈ નથી


મુંબઈ,
એસએસ રાજામૌલીની આગામી ફિલ્મ ''વારાણસી'' ૭ એપ્રિલ, ૨૦૨૭ ના રોજ રિલીઝ થશે.જોકે, ફિલ્મના લોન્ચિંગ ઈવેન્ટને લઈને ચાલી રહેલી ચર્ચા એ વાતનો સંકેત આપે છે કે તે ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાંની એક છે. ફિલ્મનું બજેટ ૧૦૦૦ થી ૧૩૦૦ કરોડની વચ્ચે હોવાનું જાણવા મળે છે, જેના પર રાજામૌલી આરઆરઆર ની સફળતા પછીથી કામ કરી રહ્યા છે. પ્રિયંકા ચોપરા, જેમણે લગભગ છ વર્ષથી કોઈ ભારતીય ફિલ્મમાં કામ કર્યું નથી, તે ફિલ્મમાં મહેશ બાબુ સાથે પણ છે. ફરહાન અખ્તર સાથે તેનો એક પ્રોજેક્ટ બાકી છે, પરંતુ તે ક્યારે પૂર્ણ કરશે તે જાણી શકાયું નથી. જોકે, ''વારાણસી'' માટેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, અભિનેત્રીએ ખુલાસો કર્યો કે ફિલ્મમાં જોડાતી વખતે તેણીએ રાજામૌલીને એક ખાસ વિનંતી કરી હતી.પ્રિયંકા ચોપરા અગાઉ ''ધ સ્કાય ઈઝ પિંક'' ફિલ્મમાં જોવા મળી હતી. ત્યારથી તે હિન્દી ફિલ્મમાં દેખાઈ નથી. જોકે, બોલિવૂડ ફિલ્મ નિર્માતાઓ જે હાંસલ કરી શક્યા નથી તે દક્ષિણ ભારતીય ફિલ્મ નિર્માતાઓએ કર્યું છે. એવી પણ ચર્ચા છે કે તેણીને એસ.એસ. રાજામૌલીની ''વારાણસી'' માટે ૩૦ કરોડ ફી મળી હતી. જોકે, અન્ય સ્ટાર્સ નફા-વહેંચણીના સોદા પર કામ કરી રહ્યા છે, તેથી મહેશ બાબુએ હાલમાં ફિલ્મમાં કોઈ ભાગ લીધો નથી.પ્રિયંકા ચોપરા સાથેનો એક જૂનો ઈન્ટરવ્યુ વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેણીએ કહ્યું હતું કે તે છ વર્ષ પછી ભારતીય ફિલ્મમાં કામ કરી રહી છે.

# પાકિસ્તાનમાં ધુરંધરે તોફાન મચાવ્યું : પ્રતિબંધ હોવા છતાં ઓટીટી પ્લેટફોર્મ પર પ્રભુત્વ જાળવી રાખ્યું



મુંબઈ,
રણવીર સિંહ અને આદિત્ય ધારની ફિલ્મ 'ધુરંધર' એ થિયેટરોમાં ઐતિહાસિક સફળતા મેળવી અને હવે ઓટીટી પ્લેટફોર્મ પર ધૂમ મચાવી રહી છે. આ સ્પાય થ્રિલર, જેને પાકિસ્તાની થિયેટરોમાં રિલીઝ થવાની મંજૂરી આપવામાં આવી ન હતી, તે હવે નેટફ્લિક્સ પાકિસ્તાન પર નંબર વન ફિલ્મ બની ગઈ છે. "ધુરંધર" ૩૦ જાન્યુઆરીએ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર આવી અને થોડા દિવસોમાં જ પડોશી દેશમાં ટોચના સ્થાને પહોંચી ગઈ. આ ફિલ્મ પાકિસ્તાનમાં લ્યારી શહેર અને ત્યાંના માફિયા ગેંગના કામકાજના ચિત્રણને કારણે પહેલાથી જ સૌથી વધુ ચર્ચિત ફિલ્મોમાંની એક બની ગઈ હતી. કારણ કે તે દેશના સિનેમાઘરોમાં રિલીઝ થઈ ન હતી, તેથી લોકો તેને જોવા માટે ઉત્સુક હતા, અને તેથી જ તે હવે વાયરલ થઈ ગઈ છે.નેટફ્લિક્સ ટુડુમના અપડેટેડ ડેટા અનુસાર, "ધૂરંધર" ૨૬ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરીના અઠવાડિયા માટે પાકિસ્તાનમાં નંબર ૧ ફિલ્મ હતી. નોંધનીય છે કે આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીએ પ્લેટફોર્મ પર આવી હતી, જેનાથી તે ફક્ત ત્રણ દિવસમાં અઠવાડિયાની સૌથી વધુ જોવાયેલી ફિલ્મ બની હતી. યાદીમાં બીજા અને ત્રીજા સ્થાને ભારતીય ફિલ્મો પણ છે.

# હું હમણાં પ્રેમમાં પડી રહ્યો છું,અમે હજુ પણ એકબીજાને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ : ગાયક તલવિંદર



મુંબઈ,
પંજાબી ગાયક તલવિંદર આજકાલ તેના ગીતો કરતાં તેના અંગત જીવન માટે વધુ સમાચારમાં છે. તલવિંદરનું નામ આ દિવસોમાં બોલિવૂડ અભિનેત્રી દિશા પટાણી સાથે જોડવામાં આવી રહ્યું છે. બંનેને અનેક વખત સાથે જોવામાં આવ્યા છે, જેના કારણે એવી અટકળો શરૂ થઈ છે કે દિશા પટણી તલવિંદરને ડેટ કરી રહી છે. હવે, તલવિંદરે પહેલીવાર ડેટિંગની અફવાઓનો જવાબ આપ્યો છે. ધ હોલીવુડ રિપોર્ટર ઈન્ડિયા સાથેની વાતચીતમાં, ડેટિંગની અફવાઓ પર પ્રતિક્રિયા આપતા તલવિંદર સિંહે દિશા પટણીને મળ્યા ત્યારે ખુલાસો કર્યો. ગાયકે કહ્યું કે તે અને દિશા તાજેતરમાં જ મળ્યા હતા. નુપુર સેનન અને સ્ટેબીન બેનના લગ્ન પહેલા જ તેમની ઓળખાણ શરૂ થઈ હતી. તે એક સામાન્ય મિત્રતા તરીકે શરૂ થઈ હતી. ડેટિંગની અફવાઓ અંગે ગાયકે કહ્યું, "અમે હજુ પણ એકબીજાને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે જો લોકો અફવાઓ ફેલાવવાનો પ્રયાસ કરશે, તો હું તેમને અફવાઓ જ રહેવા દઈશ."

દિશા પટાણી પ્રત્યેની પોતાની લાગણીઓ અંગે, તલવિંદરે કહ્યું, "હું દરરોજ પ્રેમમાં પડું છું. હું હમણાં પ્રેમમાં પડી રહ્યો છું." જોકે તલવિંદરે દિશાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ તેમના નિવેદનના સમયથી બંને વચ્ચેના પ્રેમ સંબંધ વિશે અટકળોને વધુ વેગ મળ્યો છે. તલવિંદરના આ નિવેદનથી દિશા અને તેમના વચ્ચેના સંબંધની અફવાઓને વધુ વેગ મળ્યો છે. જોકે, દિશા પટાણીએ હજુ સુધી તલવિંદર સાથેના તેના સંબંધ પર કોઈ ટિપ્પણી કરી નથી.દિશા અને તલવિંદર તાજેતરમાં મુંબઈમાં નુપુર સેનનના લગ્ન અને રિસેપ્શનમાં સાથે જોવા મળ્યા હતા. આ સમય દરમિયાન, લોકો તેમના અફેર વિશે અટકળો લગાવવા લાગ્યા, બંને વચ્ચેની નિકટતા જોઈને. જોકે, આ સમય દરમિયાન તલવિંદર પોતાનો ચહેરો છુપાવતો જોવા મળ્યો હતો. તલવિંદર અને દિશા પણ નુપુરના રિસેપ્શનમાં સાથે જોવા મળ્યા હતા. દિશાની શ્રેષ્ઠ મિત્ર, અભિનેત્રી મૌની રોય પણ તલવિંદરને કેમેરાથી બચાવતી જોવા મળી હતી.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મા | જ્ઞા | રો | ર | પ્રા | હા | દ | શિ | વિ | અ | ઔ | કા |
| કા | લા | ખ | મ | ણ | ક | લ | ક્ષ | સા | જ્ઞા | ગ | ઓ |
| ઉ | બ | ન | કા | લ | કા | બ | ક | બં | સા | ન | ળ |
| બ | દ | બા | ઉ | ભા | ર | ર | અઃ | ક | બ | હા | ર |
| ર | સ | ન | ર | અ | અં | સા | પ્રા | લા | જ | ર | બા |
| સ | સા | ન | ક | સા | ર | લી | શ | બ | રો | બં | બ |
| બા | ધ | આ | બૂ | અં | ખ | સ | બા | ન | જ | ધ | બ |
| ખ | રી | ર | ભ | સ | બિ | સા | લ | સ | દ | આ | અ |
| જ | વિ | ણે | સ | દ | ન | કા | શિ | ક | સ | અં | સ |
| સા | ચા | ળ | ક | ભો | એ | તી | શિ | ળો | રા | ર | શિ |
| ડો | ર | ળ | દા | ગ | ભા | બૂ | બં | દ | વા | ક્ષ | ઈ |
| ઈ | ણા | ગી | ર | ક્રો | મો | ભો | સ | ળો | ણ | કા | લી |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# તળાજાના પાવઠી ગામના ખેડૂતનું વ્યાજખોરો ટ્રેક્ટર આંચકી ગયા

## ત્રણ ટકાના દરે વ્યાજે લીધેલા ૫૦ હજારનું ૧૫ % વ્યાજ માંગતા ખેડૂતે ચૂકવ્યા ન હતા

ભાવનગર,તા.૬


તળાજા તાલુકાના પાવઠી ગામે રહેતા એક ખેડૂત પોતાનું ટ્રેક્ટર લઈને ઊંચડી ગામેથી પાવઠી ગામે જઈ રહ્યા હતા. જે દરમિયાન તળાજાના બોડકી અને ફુલસર ગામના બે વ્યાજખોર બાઈક લઈને સામે મળ્યા હતા અને ખેડૂતને તેના ટ્રેક્ટરમાંથી નીચે ઉતારી, ટ્રેક્ટર આંચકી ફરાર થઈ જતાં ખેડૂતે બંન્ને વ્યાજખોર વિરૂદ્ધ દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

તળાજાના પાવઠી ગામે રહેતા રમેશભાઇ બાબુભાઇ વાળાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, દસેક માસ અગાઉ તેમને પૈસાની જરૂરિયાત ઉભી થતાં ફુલસર ગામના વેલાભાઇ કમાભાઇ હાડકીયાને વાત કરી હતી. જે બાદ વેલાભાઈએ ગીગાભાઇ વીજાભાઇ ભાદરકા વાળા પાસેથી તેમને પચાસ હજાર રૂપિયા ત્રણ ટકે વ્યાજે અપાવ્યા હતા. તેના બદલામાં પંચોતેર હજાર રૂપિયાના બે ચેક લખીને લીધેલ અને ત્યાર બાદ એક કોરો ચેક લઈ, પંદર ટકા વ્યાજ થશે તેમ કહીને જતા રહ્યા હતા. જે બાદ ખેડૂતે બંન્ને વ્યાજખોરને રૂપિયા આપ્યા ન હતા.

બુધવારે રમેશભાઇ બાબુભાઇ વાળા તેમનું ટ્રેક્ટર લઇ ઊંચડી ગામેથી દર્શન કરી પાવઠી ગામે જતા હતા જે દરમિયાન બંન્ને વ્યાજખોર તેમને સામે મળતા, ખેડુતનું ટ્રેક્ટર થોભાવી, ટ્રેક્ટર આંચકી ફરાર થઈ જતાં રમેશભાઇ વાળાએ બોડકી ગામના ગીગા વીજાભાઇ ભાદરકા અને ફુલસર ગામના વેલા કમાભાઇ હાડકીયા નામના વ્યાજખોરો વિરૂદ્ધ દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# "સૂર્ય પર સર્જાયું પૃથ્વી કરતા અનેકગણું વિશાળ સનસ્પોટ

અમરેલી,તા.૦૬



છેલ્લા બે દિવસથી સૂર્યાસ્ત સમયે આકાશમાં સૂર્યની સપાટી પર એક કાળો ડાઘ દેખાતો હોવા બાબતે અનેક લોકોએ 'સ્ટારગેજીંગ ઈન્ડિયા'નો સંપર્ક કરેલ છે. ખગોળશાસ્ત્રીઓના મતે આ કોઈ સામાન્ય ડાઘ નથી, પરંતુ સૂર્ય પર સર્જાયેલું એક પ્રચંડ ચુંબકીય તોફાન છે, જેને 'સનસ્પોટ AR૪૩૬૬' તરીકે ઓળખવામાં આવે છે.

શું છે આ સનસ્પોટની ખાસિયત?:વિશાળ કદ: આ સનસ્પોટ વિસ્તાર પૃથ્વીના વ્યાસ કરતા આશરે ૧૦ થી ૧૫ ગણો મોટો છે. તે એટલો મોટો છે કે પૃથ્વી જેવા અનેક ગ્રહો તેમાં સમાઈ શકે.

પૃથ્વી પર અસર: આ વિસ્તારમાંથી હાલમાં જ શક્તિશાળી 'X-ક્લાસ' સૌર જ્વાળાઓ છૂટી પડી છે. જેના કારણે આવનારા ૪૮ કલાકમાં પૃથ્વી પર જીઓમેગ્નેટિક સ્ટોર્મ આવવાની શક્યતા છે, ડ્રુ GPS અને મોબાઈલ નેટવર્ક જેવી સેટેલાઈટ સેવાઓને અસર કરી શકે છે.

સનસ્પોટનું મુખ્ય કેન્દ્ર (Primary Croe):આ સનસ્પોટનું માત્ર મુખ્ય કાળું કેન્દ્ર જ પૃથ્વી કરતાં બે ગણી પહોળાઈ ધરાવે છે, એટલે કે આશરે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ કિમી.

સમગ્ર સનસ્પોટ સમૂહ આ આખો સનસ્પોટ સમૂહ (જેમાં નાના-મોટા અનેક ટપકાંઓનો સમાવેશ થાય છે) સૂર્યની સપાટી પર આશરે ૧,૨૫,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ કિમી કરતાં પણ વધુ વિસ્તારમાં ફેલાયેલો છે.

સ્ટારગેજીંગ ઈન્ડિયાના નરેન્દ્ર ગોર જણાવે છે કે, "સૂર્યાસ્ત સમયે સૂર્યની તેજસ્વીતા ઓછી લાગતી હોવા છતાં, તેને નરી આંખે અથવા સામાન્ય ચશ્માથી જોવો અત્યંત જોખમી છે. સૂર્યમાંથી નીકળતા પારજાંબલી (ફ) અને ઈન્ફ્રારેડ કિરણો આંખના પડદા ને કાયમી નુકસાન પહોંચાડી શકે છે. સૂર્યદર્શન માટે હંમેશા પ્રમાણિત સોલર ફિલ્ટર અથવા સોલર ગોગલ્સનો ઉપયોગ કરવો જોઈએ."

# ૬ દિવસ અગાઉ ગુમ થયેલ યુવાનનો મૃતદેહ નેસવડની ખાણમાંથી મળ્યો!

## હત્યા થઈ હોવાની ચર્ચા, યુવકના મૃતદેહને પેનલ પીએમ માટે ભાવનગર ખસેડાયો



ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકા નેસવડ ગામે ખાણમાંથી ગઈકાલે મોડી સાંજે કે યુવકનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો જેને ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢતા આ યુવાન ૬ દિવસ અગાઉ ગુમ થયેલો હોવાનું જાણવા મળેલ. દરમિયાન પોલીસે મૃતદેહનો કબ્જો લઈને જરૂરી કાગળો કરી પ્રથમ મહુવા બાદ પેનલ પીએમ માટે ભાવનગર હોસ્પિટલ ખસેડાયો હતો.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નેસવડ ગામે પાણીથી ભરેલી પથ્થરની ખાણમાં ગઈકાલે સાંજે એક પુરુષનો મૃતદેહ તરતો જોવા મળતા તુરંત ફાયર વિભાગ અને પોલીસને જાણ કરતા ફાયર વિભાગનો કાફલો ઘાટાં સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહ બહાર કાઢતા આ મૃતદેહ ૬ દિવસ અગાઉ ગુમ થયેલા મહેશ અરજણભાઈ મકવાણા ઉ.વ.૨૩નો હોવાનું જાણવા મળેલ. મહુવા પોલીસે મૃતદેહનો કબ્જો લઈને જરૂરી કાગળો તૈયાર કરી પ્રથમ મહુવા બાદ પેનલ પીએમ માટે ભાવનગર સર ટી હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવ અંગે લોકોના ટોળા એકઠા થયા હતા અને યુવાનની હત્યા થઈ હોવાની ચર્ચા થઈ રહેલ હોય પીએમ રિપોર્ટ આવ્યા બાદ કારણ જાણવા મળશે.

# ઉનાના નવાબંદરમાં ૧૧ દિવસથી પાણી બંધ

ઉના,તા.૦૬

ઉના તાલુકાના દરિયાકાંઠાના નવાબંદર ગામમાં છેલ્લા ૧૧ દિવસથી પાણીનો પુરવઠો બંધ છે. ૨૫ હજારથી વધુ વસ્તી ધરાવતા આ ગામના મોટાભાગના લોકો માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

ગામને રાવલ ડેમમાંથી પાણી પૂરું પાડવામાં આવે છે, જેના માટે ઉનાથી નવાબંદર સુધી કરોડોના ખર્ચે પાઈપલાઈન નાખવામાં આવી છે. જોકે, અધિકારીઓ હાલમાં આ લાઈનમાં ફોલ્ટ હોવાનું જણાવી રહ્યા છે, જેના કારણે પાણી પહોંચી રહ્યું નથી. દરિયાકિનારાનું ગામ હોવાથી કૂવા અને બોરમાં ખારું પાણી આવે છે, જે પીવા કે અન્ય વપરાશ માટે યોગ્ય નથી.પાણી ન મળવાને કારણે ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અનુ.પાના ૮નું શરૂ...

## સ્ક્રેપના વેપારીએ આપઘાત પૂર્વે

દરમિયાન બનાવ સંદર્ભે આજે સીટી ડીવાયએસપી સિંઘાલે આસપાસ સાથે ટેલિફોનિક વાતચિત્તમાં જણાવેલ કે આ બનાવમાં હાલમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરેલ છે. અને મળેલી ચિઠ્ઠી (સુસાઇડ નોટ) તેમણે લખેલી છે. તે તપાસ માટે એફએસએલ પાસે મોકલાશે. અને પોઈન્ટ ઓફ વ્યુ તપાસી આગળની કાર્યવાહી હાથ ધરાશે તેમ જણાવેલ. કેટલા રૂપિયા અને કેટલા નામ હોવાના સવાલમાં તેમણે આ મુદ્દો સંવેદન હોવાનું અને તપાસ બાદ જણાવી શકાય તેમ જણાવેલ. આથી આ સુસાઇડ નોટનો બૉમ્બ ફૂટ્યા બાદ અનેક વેપારીઓના પગ નીચે રેલો આવવાની શક્યતાઓ રહેલી હોવાની ચર્ચો થઇ રહી છે.


The Entertainment Park
Cinema • Food • Gaming

આપની મનપસંદ મુવીનો આનંદ એન્ટરટેઈનમેન્ટ પાર્કમાં જ...

સ્વચ્છતા અમારી અગ્રતા

DOLBY ATMOS Sound System in Screen 1

* Showing In Atmos ** Showing In Royal Class



| BORDER 2 | MARDAANI 3 | LAGAN LAAGII RE |
|---|---|---|
| 10:45 am* 4:00 pm | 10:00 am 5:30 pm | 9:30 am 7:00 pm |
| 1:15 pm** 6:15 pm* | 12:30 pm 8:00 pm | 12:30 pm 10:15 pm |
| 2:30 pm* 10:00 pm* | 3:00 pm 10:30 pm | 3:45 pm |

| BHABIJI GHAR PAR HAI | VADH 2 | GODAAN |
|---|---|---|
| 10:45 am 7:30 pm** | 10:45 am** 10:00 pm** | 5:00 pm** |
| 1:15 pm 10:15 pm | 7:45 pm | |

*Show Timings Are Subject To Last Minute Change

FREE PARKING
3rd floor, Shiva Blessings 2, opposite Municipal Corporation, Bhavnagar.

Book Online : bookmyshow.com | paytm.com
CALL ON : 0278 - 2224400 6352151572


theentertainmentpark_bhavnagar TheEntertainmentPark

# પૂજન,આરતી સહીત ધાર્મિક કાર્યક્રમ સાથે રાણપુરમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી

રાણપુર,તા.૬

સમગ્ર દેશભરમાં વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં નારેચણીયા હનુમાનજીની વાડી ખાતે લુહાર-સુથાર જ્ઞાતિ દ્વારા વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભગવાન વિશ્વકર્માનું પૂજન, આરતી, સંતોનું સન્માન, સંતોના આશીર્વાદ અને મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગિરનારી આશ્રમના પૂજ્ય પૂરણનાથબાપુ દ્વારા આશિર્વચન પાઠવામાં આવ્યા હતા.રાણપુર શહેરમાં લુહાર-સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભક્તિ ભાવપૂર્વક ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વકર્મા જન્મ જયંતીના ઉજવણીના મહાપ્રસાદના મુખ્ય દાતા તરીકે જીગ્નેશભાઈ વાલજીભાઈ ધારવા પરમાર અને હિતેશભાઈ જગજીવનભાઈ ધારવા પરમાર રહ્યા હતા.જેમાં મોટી સંખ્યામાં લુહાર-સુથાર સમાજના લોકો હાજર રહ્યા હતા.

## હેપ્પી બર્થ-ડે



**હિતેશ્રીબા સરવૈયા**

જન્મ તા.: ૦૬ ફેબ્રુઆરી
માતા : ધર્મિષ્ઠા બા સરવૈયા
પિતા : યુવરાજસિંહ સરવૈયા
દાદા : સજનબા સરવૈયા
દાદી : પ્રવિણસિંહ સરવૈયા

**પશ્ચિમ રેલવે ભાવનગર વર્કશોપ**

ઈ-ટેન્ડર નં. BVPW-2025-26-VTLR-32-R

**વર્ટીકલ ટુરેટ લેથ મશીનનું સમારકામ**

**કામનું નામ:** ભાવનગર વર્કશોપ ખાતે કામના ક્ષેત્ર મુજબ વર્ટીકલ ટુરેટ લેથ મશીન (વીટીએલ)નું સમારકામ **કામની અંદાજિત પડતર:** ₹ ૩૪,૮૧,૦૦૦ **બીડ સિક્યુરીટી:** ₹ ૬૯,૬૦૦ **કામ પૂર્ણ કરવાનો સમય ગાળો :** LOA ઈશ્યુની તારીખ થી ૩ મહિના, **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** તા.૨૬-૦૨-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે અને તા.૨૬-૦૨-૨૦૨૬ ના ૧૧:૩૦ કલાકે **વેબસાઈટ વિગતો:** ટેન્ડર ફક્ત વેબસાઈટ https://www.ireps.gov.in પર ઈલેક્ટ્રોનિક્લી જમા કરવામાં આવશે **જારીકર્તા:** ડેપ્યુ. ચીફ મીકેનિકલ એન્જીનીયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. ઈમેલ: dycmews@bvp.railnet.gov.in

BVP-261

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૭૦-૨૦૨૫-૨૬ | મહુવા સ્ટેશન :- બદલીકરણ ખાતે ટાઈપ-II રેલવે ક્વાર્ટર્સના ૧૬ યુનિટ્સની જોગવાઈ કરવાનું કામ. | ૪,૨૩,૧૨,૫૯૭.૧૦ | ૩,૬૧,૬૦૦.૦૦ |
| ૦૨ | ૨૭૧-૨૦૨૫-૨૬ | PRCL સેક્શનમાં ઢસા - પીપાવાવ - સિનિ. DEN (C) ના અધિકારક્ષેત્રમાં પોર્ટા કેબિનને બદલે ડ્યુટી બંક (૨૭ LCs) ની જોગવાઈ કરવાનું કામ. | ૪,૧૦,૧૧,૭૧૭.૦૩ | ૩,૫૫,૧૦૦.૦૦ |
| ૦૩ | ૨૭૨-૨૦૨૫-૨૬ | જેતલસર :- અતિક્રમણ અને ઉલ્લંઘનને અટકાવવા RCC બાઉન્ડી દિવાલ (૩.૨૦ KMs) નું બાંધકામ કરવાનું કામ. | ૪,૧૧,૬૧,૫૩૧.૪૦ | ૩,૫૫,૮૦૦.૦૦ |
| ૦૪ | ૨૭૩-૨૦૨૫-૨૬ | ADEN-ભાવનગર પરાના અધિકારક્ષેત્ર હેઠળ સ્ટાફ કોલોની અને યાર્ડની અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ વ્યવસ્થાનો કાદવ કાઢવા માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (૨૪ મહિના). | ૭૯,૨૧,૪૯૨.૫૧ | ૧,૫૮,૪૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૧૩-૦૨-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૨૭-૦૨-૨૦૨૬

**વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-262

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી હરખાભાઈ રુડાભાઈ સોલંકી,** **અરજી નં ૧૦/૨૦૨૬**
**રહે.મુ.પડવા, તા.ઘોઘા,જી.ભાવનગર** **જન્મ.તા.૧૧/૦૪/૨૦૦૧**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.પડવા, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હરખાભાઈ રુડાભાઈ સોલંકી, રહે. મું.પડવા, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્રીશ્રી હર્ષાબેન હરખાભાઈ સોલંકીનો જન્મ તા.૧૧/૦૪/૨૦૦૧ના રોજ ગામ :- પડવા, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ચુડાસમા હિપાભાઈ પ્રેમજીભાઈ,** **અરજી નં ૦૨/૨૦૨૬**
**રહે.નાના ખોખરા, તા.ઘોઘા,જી.ભાવનગર** **જન્મ.તા.૧૪/૦૪/૨૦૦૫**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.નાના ખોખરા, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ચુડાસમા હિપાભાઈ પ્રેમજીભાઈ, રહે. નાના ખોખરા, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્રશ્રી ચુડાસમા વિશાલભાઈ હિપાભાઈનો જન્મ તા.૧૪/૦૪/૨૦૦૫ના રોજ ગામ :- નાના ખોખરા, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી હરખાભાઈ રુડાભાઈ સોલંકી,** **અરજી નં ૦૯/૨૦૨૬**
**રહે.મુ.પડવા, તા.ઘોઘા,જી.ભાવનગર** **જન્મ.તા.૦૯/૦૧/૨૦૦૩**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.પડવા, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હરખાભાઈ રુડાભાઈ સોલંકી, રહે. મું.પડવા, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પુત્રશ્રી રણજીતભાઈ હરખાભાઈ સોલંકીનો જન્મ તા.૦૯/૦૧/૨૦૦૩ના રોજ ગામ :- પડવા, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી સરવૈયા ઉષાબા જગદિશસિંહ,** **અરજી નં ૦૮/૨૦૨૬**
**રહે.મુ.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર** **મરણ.તા.૧૫/૦૧/૨૦૦૩**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.ખરકડી, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સરવૈયા ઉષાબા જગદિશસિંહ, રહે. મું.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના માતાશ્રી બાલુબા બટુકસિંહ ગોહિલનું મરણ તા.૧૫/૦૧/૨૦૦૩ના રોજ ગામ :- ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ગોહિલ જગદિશસિંહ ભીખુભા,** **અરજી નં ૦૫/૨૦૨૬**
**રહે.મુ.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર** **મરણ.તા.૦૭/૧૨/૧૯૫૫**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.ખરકડી, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ જગદિશસિંહ ભીખુભા, રહે. મું.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના દાદાશ્રી જીલુભા કાળુભાઈ ગોહિલનું મરણ તા.૦૭/૧૨/૧૯૫૫ના રોજ ગામ :- ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ગોહિલ જગદિશસિંહ ભીખુભા,** **અરજી નં ૦૬/૨૦૨૬**
**રહે.મુ.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર** **મરણ.તા.૧૮/૦૯/૧૯૭૩**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.ખરકડી, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ જગદિશસિંહ ભીખુભા, રહે. મું.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના પિતાશ્રી ભીખુભા જીલુભા ગોહિલનું મરણ તા.૧૮/૦૯/૧૯૭૩ના રોજ ગામ :- ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી ગોહિલ જગદિશસિંહ ભીખુભા,** **અરજી નં ૦૭/૨૦૨૬**
**રહે.મુ.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર** **મરણ.તા.૧૫/૧૦/૧૯૬૫**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.ખરકડી, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ગોહિલ જગદિશસિંહ ભીખુભા, રહે. મું.ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના દાદીશ્રી કુશળબા જીલુભા ગોહિલનું મરણ તા.૧૫/૧૦/૧૯૬૫ના રોજ ગામ :- ખરકડી, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી બારૈયા ખાટાભાઈ જીવણભાઈ,** **અરજી નં ૦૧/૨૦૨૬**
**રહે.મુ.કુડા, તા.ઘોઘા,જી.ભાવનગર** **મરણ.તા.૧૦/૧૦/૧૯૯૭**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.કુડા, તા.ઘોઘા.જી.ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી બારૈયા ખાટાભાઈ જીવણભાઈ, રહે. મું.કુડા, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના સાસુશ્રી કલુબેન નથુભાઈ જાદવનું મરણ તા.૧૦/૧૦/૧૯૯૭ના રોજ ગામ :- કુડા, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

# ભારત-અમેરિકા વેપાર કરાર : માર્ચ સુધીમાં કાનૂની ડ્રાફ્ટ બહાર પડાશે

### ભારત-અમેરિકા વેપાર કરારનો પ્રથમ તબક્કો લગભગ તૈયાર : આગામી ૪-૫ દિવસમાં સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર

નવીદિલ્હી,

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે એક મુખ્ય અપડેટ બહાર આવ્યું છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે કહ્યું છે કે બંને દેશો આગામી ૪-૫ દિવસમાં સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે.

સરકારે જણાવ્યું કે ભારત-અમેરિકા વેપાર કરારનો પ્રથમ તબક્કો લગભગ તૈયાર છે. તેમણે જણાવ્યું કે સંયુક્ત નિવેદન પછી કરારને ઔપચારિક બનાવવામાં આવશે, અને માર્ચના મધ્ય સુધીમાં ઔપચારિક કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. મંત્રીએ એ પણ સ્પષ્ટતા કરી કે



સંયુક્ત નિવેદન બહાર પાડ્યા પછી, ટ્રમ્પ વહીવટીતંત્ર યુએસ ટેરિફમાં ૧૮% ઘટાડો કરવા માટે એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કરશે.

ભારત અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ વચ્ચે મુક્ત વેપાર કરાર માટે સંદર્ભ શરતોના હસ્તાક્ષર સમારોહ દરમિયાન ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું હતું કે, યુએસ સાથે વધતા વેપાર જોડાણના ભાગ રૂપે, ફક્ત યુએસ વિમાન, એન્જિન અને અન્ય ઉત્પાદનો માટે ભારતના ઓર્ડર ૧૦૦ બિલિયનથી વધુ થશે.

ગોયલે કહ્યું કે ભારત અને જીસીસી વચ્ચેના વેપાર સંબંધો ૫,૦૦૦ વર્ષ જૂના છે અને આ કરાર માલ અને સેવાઓના મુક્ત પ્રવાહને પ્રોત્સાહન આપશે. તેમણે કહ્યું કે સરકાર વિકસિત દેશો સાથે એફટીએ પર સક્રિયપણે કામ કરી રહી છે.

મંત્રીના મતે, આ કરારથી એમએસએમઈ, ખેડૂતો, માછીમારો, યુવાનો અને ઉત્પાદન ક્ષેત્રને ઘણો ફાયદો થશે. ફૂડ પ્રોસેસિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેટ્રોકેમિકલ ક્ષેત્રોને ખાસ કરીને નોંધપાત્ર ફાયદો થવાની અપેક્ષા છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત અને યુએસ પૂરક અર્થતંત્રો છે અને બંને દેશો વચ્ચેનો પ્રસ્તાવિત વેપાર કરાર બંને પક્ષો માટે ફાયદાકારક રહેશે. વાટાઘાટો પ્રક્રિયા અંગે ટેકનિકલ સ્પષ્ટતા આપતા વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે યુએસ ટેરિફ એક્ઝિક્યુટિવ ટેરિફ છે, જ્યારે ભારતના ટેરિફ એમએફએન (મોસ્ટ ફેવર્ડ નેશન) શ્રેણી હેઠળ આવે છે. તેથી, ભારતમાં એમએફએન ટેરિફમાં ઘટાડો ફક્ત કાનૂની કરાર પર હસ્તાક્ષર કર્યા પછી જ શક્ય બનશે.

# પશ્ચિમ બંગાળ સરકાર કર્મચારીઓને ત્રણ મહિનાની અંદર મોંઘવારી ભથ્થાના ૨૫ ટકા ચૂકવે

### સુપ્રીમ કોર્ટે ૨૦ લાખ રાજ્ય સરકારી કર્મચારીઓને નોંધપાત્ર રાહત આપી

નવીદિલ્હી,

પશ્ચિમ બંગાળ સરકાર અને તેના કર્મચારીઓ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા મોંઘવારી ભથ્થા(ડીએ) વિવાદમાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે આશરે ૨૦ લાખ રાજ્ય સરકારી કર્મચારીઓને નોંધપાત્ર રાહત આપી છે. કોર્ટે સરકારને ૨૦૦૮ થી ૨૦૧૯ ના સમયગાળા માટે ડીએ એરિયર્સ ચૂકવવાનો નિર્દેશ આપ્યો. કોર્ટે કહ્યું કે, અગાઉના વચગાળાના આદેશ મુજબ, ૬ માર્ચ સુધીમાં ઓછામાં ઓછા ૨૫% એરિયર્સ ચૂકવવા જોઈએ.

બેન્ચે રાજ્ય સરકારને બાકીના ૭૫% ડીએ પર નિર્ણય લેવા માટે ચાર સભ્યોની સમિતિ બનાવવાનો પણ આદેશ આપ્યો. અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને કર્મચારીઓને મોંઘવારી ભથ્થું કાનૂની અધિકાર તરીકે મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો, કારણ કે તે પગારની ગણતરી માટેના આરઓપીએ નિયમોમાં શામેલ છે. ૨૦૦૯-૧૯ સુધીના ડીએ એરિયર્સ કર્મચારીઓને મુક્ત કરવા જોઈએ. સંકળાયેલા નાણાકીય પરિણામોને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે કેગ અથવા કેગ દ્વારા નિયુક્ત એક વરિષ્ઠ અધિકારીની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે, જેમાં ભૂતપૂર્વ સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશ ઈન્દુ મલ્હોત્રા અને બે નિવૃત્ત હાઈકોર્ટ મુખ્ય ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. આ સમિતિ બંગાળ રાજ્યના કર્મચારીઓને ડીએની ચુકવણી નક્કી કરશે.

આ જ બેન્ચે ગયા વર્ષે ઓગસ્ટમાં આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. ગયા વર્ષે ૧૬ મેના રોજ પસાર કરાયેલા વચગાળાના આદેશમાં, સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે તે તેના કર્મચારીઓને ત્રણ મહિનાની અંદર મોંઘવારી ભથ્થાના ૨૫ ટકા ચૂકવે. મમતા બેનર્જી સરકારે બાદમાં સુપ્રીમ કોર્ટમાં ભંડોળના અભાવને ટાંકીને અંતિમ તારીખ છ મહિના લંબાવવાની અપીલ કરી.

# મેઘાલયમાં પૂર્વ જયંતિયા હિલ્સમાં કોલસાની ખાણમાં વિસ્ફોટથી આસામના ૧૬ મજૂરોના કરુણ મોત

શિલોંગ,

ગુરુવારે મેઘાલયના પૂર્વ જયંતિયા હિલ્સ જિલ્લાના એક ગામમાં એક શંકાસ્પદ ગેરકાયદેસર કોલસાની ખાણમાં વિસ્ફોટ થયા બાદ આસામના ઓછામાં ઓછા ૧૬ મજૂરો માર્યા ગયા હતા અને ઘણા લોકો ફસાઈ ગયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસ અધિક્ષક વિકાસ કુમારે જણાવ્યું હતું કે આ ઘટના થાંગસ્કુ વિસ્તારમાં બની હતી. તેમણે જણાવ્યું હતું કે ખાણમાંથી ૧૬ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે અને ઘણા અન્ય ઘાયલ થયા છે અને તેમને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમને અદ્યતન સારવાર માટે શિલોંગ રિફર કરવામાં આવ્યા છે.

પોલીસે સ્થળ પર બચાવ કામગીરી હાથ ધરવા માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળની મદદ લીધી હતી અને બચાવ કામગીરી ચાલુ છે, એમ કુમારે જણાવ્યું હતું.

વિસ્ફોટ સ્થળ પર કોલસાની ખાણકામ પ્રવૃત્તિઓ દરમિયાન થયો હોવાની શંકા છે, જે ગેરકાયદેસર રીતે કાર્યરત હોવાનું માનવામાં આવે છે. ખાણ ગેરકાયદેસર હતી કે કેમ તે પૂછવામાં આવતા અધિકારીએ કહ્યું, "હા, એવું લાગે છે." કુમારે ઉમેર્યું કે વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી અને તપાસ હાથ ધરવામાં આવશે.

# ચીનના વૈશ્વિક વર્ચસ્વને ઘટાડવા માટે અમેરિકા મહત્વપૂર્ણ ખનિજ વેપાર બ્લોક બનાવશે

### વૈશ્વિક બજારમાં ગમે તેટલી સામગ્રીનો પ્રવાહ આવે, પ્રેફરન્શિયલ ટ્રેડ ઝોનમાં કિંમતો સુસંગત રહેશે

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સે ચીન પર વૈશ્વિક નિર્ભરતા ઘટાડવા માટે એક નવા ક્રિટિકલ મિનરલ્સ ટ્રેડિંગ બ્લોકની રચનાની જાહેરાત કરી છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર સહિત ૫૫ દેશોના મંત્રી પરિષદમાં યુએસના ઉપપ્રમુખ જેડી વાન્સે આ નવા ટ્રેડિંગ ઝોન માટેની યોજનાઓની રૂપરેખા આપી હતી.

"લાભ તાત્કાલિક અને ટકાઉ રહેશે. વૈશ્વિક બજારમાં ગમે તેટલી સામગ્રીનો પ્રવાહ આવે, પ્રેફરન્શિયલ ટ્રેડ ઝોનમાં કિંમતો સુસંગત રહેશે. સમય જતાં, તે ઝોનમાં અમારું લક્ષ્ય ઉત્પાદનના વિવિધ કેન્દ્રો, સ્થિર રોકાણ પરિસ્થિતિઓ અને સપ્લાય ચેઈન બનાવવાનું છે જે અમે પહેલાથી જ વાત કરી ચૂક્યા છીએ તે પ્રકારના બાહ્ય વિક્ષેપોથી પ્રતિરક્ષા ધરાવે છે," વાન્સે વોશિંગ્ટન, ડીસીમાં ભેગા થયેલા મંત્રીઓને કહ્યું.

"તમારામાંથી જેઓ જોડાઓ છો, અમે તમને ખાનગી ધિરાણ માટે જરૂરી પાયો અને કટોકટી અથવા અન્ય કોઈ આકસ્મિક પરિસ્થિતિમાં તમારા રાષ્ટ્રને જરૂરી મહત્વપૂર્ણ ખનિજ પુરવઠાની સુરક્ષિત ઍક્સેસ પ્રદાન કરીએ છીએ," વાન્સે કહ્યું.

આ દરખાસ્ત ત્યારે પણ આવી છે જ્યારે અમેરિકા વૈશ્વિક ક્રિટિકલ મિનરલ્સ સપ્લાય ચેઈન પર ચીનની પકડને નબળી પાડવાના પ્રયાસો વધારી રહ્યું છે. ચીન હાલમાં યુએસ જીઓલોજિકલ સર્વે દ્વારા મહત્વપૂર્ણ ગણાતા ૩૦ ખનિજોના ઉત્પાદનમાં આગળ છે અને વૈશ્વિક સ્તરે દુર્લભ પૃથ્વીના ખાણકામમાં આશરે ૭૦% અને પ્રક્રિયામાં ૯૦% થી વધુ હિસ્સો ધરાવે છે.

જયશંકરે યુએસ પ્રસ્તાવનું સ્વાગત કર્યું, જેને ર્હ્ઈર્ઈ પહેલ તરીકે ઓળખવામાં આવી, અને મંત્રીમંડળની બેઠકમાં તેમના ભાષણ દરમિયાન મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રમાં ભારતના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો.

સોમવારે યુએસ રાષ્ટ્રપતિ

# મલેશિયન સરકારે ઈ-વેસ્ટની આયાત પર પ્રતિબંધ મૂક્યો

### ગેરકાયદેસર ડમ્પિંગનો અંત લાવવા માટેનું વચન આપ્યું

મલેશિયાએ ઈલેક્ટ્રોનિક કચરાના આયાત પર તાત્કાલિક અને સંપૂર્ણ પ્રતિબંધની જાહેરાત કરી છે, કારણ કે સરકારે વચન આપ્યું છે કે દેશ વિશ્વના કચરા માટે "ડમ્પિંગ ગ્રાઉન્ડ" નહીં બને.

મલેશિયાના ભ્રષ્ટાચાર વિરોધી પંચે બુધવારે મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તમામ ઈલેક્ટ્રોનિક કચરો, જેને સામાન્ય રીતે ઈ-વેસ્ટ તરીકે ઓળખવામાં આવે છે, તેને તાત્કાલિક અસરકારક રીતે "સંપૂર્ણ પ્રતિબંધ" શ્રેણી હેઠળ ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે. આનાથી પર્યાવરણ વિભાગને ચોક્કસ ઈ-વેસ્ટની આયાત માટે મુક્તિ આપવા માટે અગાઉ આપવામાં આવેલી વિવેકાધીન સત્તા દૂર થાય છે.

"ઈ-વેસ્ટને હવે મંજૂરી નથી," સ્છઝઝ ના વડા આઝમ બાકીએ નિવેદનમાં જણાવ્યું હતું કે, ગેરકાયદેસર આયાતને રોકવા માટે "મક્કમ અને સંકલિત અમલીકરણ કાર્યવાહી" કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

મલેશિયા અગાઉ મોટા પ્રમાણમાં આયાતી ઈ-વેસ્ટનો સામનો કરી રહ્યું છે, જેમાંથી મોટાભાગનો ગેરકાયદેસર અને

# મહાશિવરાત્રી પર બાબા વિશ્વનાથના દર્શન સતત ૨૭ કલાક માટે ઉપલબ્ધ રહેશે

નવીદિલ્હી,

મંદિર પ્રશાસને મહાશિવરાત્રી પર બાબા વિશ્વનાથની આરતી અને દર્શન-પૂજાનું સમયપત્રક જાહેર કર્યું છે. ૧૫ ફેબ્રુઆરીએ, બાબા વિશ્વનાથની મંગળા આરતી બપોરે ૨:૧૫ વાગ્યે શરૂ થશે અને બપોરે ૩:૧૫ વાગ્યે સમાપ્ત થશે. આ પછી, ગર્ભગૃહના દરવાજા બપોરે ૩:૩૦ વાગ્યાથી ભક્તો માટે ખોલવામાં આવશે. ૧૫ ફેબ્રુઆરીએ બપોરે ૩:૩૦ વાગ્યાથી ૧૬ ફેબ્રુઆરીએ સવારે ૬:૩૦ વાગ્યા સુધી બાબાના દર્શન અને પૂજા ચાલુ રહેશે. મહાશિવરાત્રી પર ભક્તો સતત ૨૭ કલાક દર્શન અને પૂજા કરી શકશે.

મધ્યાહન ભોગ આરતી સવારે ૧૧:૪૦ વાગ્યાથી બપોરે ૧૨:૨૦ વાગ્યા સુધી યોજાશે. પરંપરા મુજબ, મહાશિવરાત્રી પર મંદિરમાં સપ્ત ઋષિ આરતી, ભોગ આરતી અને શયન આરતી કરવામાં આવશે નહીં. તેના બદલે, ચાર કલાકની આરતી કરવામાં આવશે. ૧૬ ફેબ્રુઆરીએ મંગળા આરતી પણ કરવામાં આવશે નહીં.

પહેલી પ્રહર આરતીની તૈયારીઓ રાત્રે ૯:૩૦ વાગ્યે શરૂ થશે. શંખ વગાડવામાં આવશે અને પૂજાની તૈયારીઓ પણ થશે. આ સમય દરમિયાન ઝાંખી દર્શન ચાલુ રહેશે. પહેલી પ્રહર આરતી રાત્રે ૧૦ વાગ્યે શરૂ થશે અને ૧૨:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે.

આ પછી, બીજી પ્રહર આરતી રાત્રે ૧:૩૦ થી ૨:૩૦ વાગ્યા સુધી અને ત્રીજી પ્રહર આરતી સવારે ૩:૩૦ વાગ્યે શરૂ થશે અને ૪:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. તેવી જ રીતે, ચોથી પ્રહર આરતી સવારે ૫:૦૦ થી ૬:૧૫ વાગ્યા સુધી યોજાશે.

મંદિર વહીવટીતંત્રનો અંદાજ છે કે આ વર્ષે મહાશિવરાત્રી પર ભક્તોની ભારે ભીડ તમામ રેકોર્ડ તોડી નાખશે. ૧.૨ મિલિયનથી વધુ ભક્તો આવવાની અપેક્ષા છે, અને મંદિર વહીવટીતંત્ર આને ધ્યાનમાં રાખીને મહાશિવરાત્રીની તૈયારી કરી રહ્યું છે.

સુરક્ષા કારણોસર, મહાશિવરાત્રી પર મંદિરમાં વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવશે. પોલીસ વહીવટીતંત્ર ડ્રોનનો ઉપયોગ

# ૮ લાખનું ઈનામ ધરાવનાર નક્સલી ઉધમસિંહનું એન્કાઉન્ટરમાં મોત

બીજાપુર,

છત્તીસગઢ પોલીસે જણાવ્યું હતું કે ગુરુવારે રાજ્યના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો દ્વારા એક એન્કાઉન્ટરમાં ૮ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતો એક વરિષ્ઠ નક્સલી ઠાર મરાયો હતો.

તેની ઓળખ ઉધમ સિંહ તરીકે થઈ છે, જે ગેરકાયદેસર કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના દક્ષિણ બસ્તર ડિવિઝનના 'ડિવિઝનલ કમિટી' સભ્ય હતા. અધિકારીએ ઉમેર્યું હતું કે સિંહ દક્ષિણ બસ્તર ડિવિઝનના પ્લાટૂન નંબર ૧૩ના ઈન્ચાર્જ હતા.

બીજાપુરના પોલીસ અધિક્ષક જીતેન્દ્ર કુમાર યાદવે જણાવ્યું હતું કે, તાર્રેમ પોલીસ સ્ટેશનની હદ હેઠળના જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં સિંહ અને અન્ય સશસ્ત્ર કેડરોની હાજરી અંગે ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા કર્મચારીઓએ એક ઓપરેશન શરૂ કર્યું હતું.

ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ અને ઝઈૃના ચુનંદા કોબ્રા કમાન્ડોના કર્મચારીઓ આ ઓપરેશનમાં સામેલ હતા, એમ તેમણે જણાવ્યું હતું.

"સવારે લગભગ ૭.૩૦ વાગ્યે સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ગોળીબાર થયો. ગોળીબાર બંધ થયા પછી, ઉધમ સિંહનો મૃતદેહ મળી આવ્યો. એન્કાઉન્ટર સ્થળ પરથી એક છદ્ભ-૪૭ રાઈફલ, ૨૮ રાઉન્ડ સાથેના બે મેગેઝિન, કોર્ડેક્સ વાયર, વાયરલેસ સેટ, એક મોબાઈલ ફોન, પાઉચ, બેકપેક, ટિફિન બેગ અને અન્ય માઓવાદી વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે," એસપીએ જણાવ્યું.

# બીએસએફને જમીન આપવામાં આવી છતાં વાડ કેમ અધૂરી : મમતા બેનર્જી

### મમતાએ બીએસએફના અધિકારક્ષેત્રને ૧૫ થી વધારીને ૫૦ કિલોમીટર કરનારા મનસ્વી નિયમને તાત્કાલિક ઉલટાવી દેવાની માંગ કરી

કોલકતા,

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. કેન્દ્ર સરકારે વારંવાર મમતા બેનર્જી પર બીએસએફ માટે જમીન ન આપવાનો આરોપ લગાવ્યો છે. આ આરોપોનો જવાબ આપતા, મમતા બેનર્જીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય સંગઠનો અને બીએસએફને જમીન પૂરી પાડવામાં આવી છે.

તેમણે કહ્યું કે કેન્દ્રીય સંગઠનો અને બીએસએફને જમીન પૂરી પાડવામાં આવી છે. જોકે, સરહદ પર વાડ બનાવવાનું કામ અધૂરું રહ્યું છે. મમતાએ બીએસએફના



અધિકારક્ષેત્રને ૧૫ થી વધારીને ૫૦ કિલોમીટર કરનારા મનસ્વી નિયમને તાત્કાલિક ઉલટાવી દેવાની માંગ કરી. તેમણે એવો પણ દાવો કર્યો કે કેન્દ્ર સરકાર બંગાળ પર ૨ લાખ કરોડનું દેવું ધરાવે છે.

ગૃહમંત્રી મમતા બેનર્જી પર હુમલો કરતા બેનર્જીએ કહ્યું, "તમે સરહદ બેઠકમાં હાજર નહોતા. મેં તમારા જેવા ઘણા ગૃહમંત્રીઓને જોયા છે. મને ગૃહમંત્રી ન બતાવો. પહેલા ડેટા શેર કરવામાં આવતો હતો, હવે નથી. મેં બધી કેન્દ્રીય સંસ્થાઓને જમીન આપી છે. પહેલા તમારું કામ કરો, બાકીનું આપવામાં આવશે."

મમતા બેનર્જીએ કહ્યું, "મેં કોલ ઈન્ડિયા, સેલ, ભેલ, બીએસએફ અને સીઆઈએસએફને જમીન આપી છે. તમે તમારું કામ કેમ પૂર્ણ નથી કરી રહ્યા?"

# અલ-ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જાવદ સિદ્દીકીની છેતરપિંડીના કેસમાં ધરપકડ

### ૪ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા

નવી દિલ્હી,

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે છેતરપિંડી અને નાણાકીય અનિયમિતતાના આરોપો બાદ અલ-ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીને કસ્ટડીમાં લીધા છે. તેમની ધરપકડ બાદ, સિદ્દીકીને દિલ્હીની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જ્યાં અધિકારીઓએ વિગતવાર પૂછપરછ માટે ચાર દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા દાખલ કરાયેલી ઔપચારિક ફરિયાદોના આધારે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ પુષ્ટિ આપી હતી કે યુજીસીની ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચે સિદ્દીકી સામે બે અલગ અલગ એફઆઈઆર નોંધી છે. આરોપોમાં છેતરપિંડી અને અનિયમિત નાણાકીય વ્યવહારોનો સમાવેશ થાય છે. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે સિદ્દીકીની ધરપકડ મોટી તપાસનો એક ભાગ છે અને પૂછપરછ આગળ વધતાં વધુ માહિતી બહાર આવવાની શક્યતા છે. આ ઘટનાક્રમ પહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈઙ્ઢ) ની કાર્યવાહીએ પણ સંસ્થાની આસપાસ તપાસને વધુ તીવ્ર બનાવી દીધી હતી.

અલ-ફલાહ યુનિવર્સિટીને અગાઉ રાષ્ટ્રીય તપાસનો સામનો કરવો પડ્યો હતો જ્યારે એવું બહાર આવ્યું હતું કે ૧૩ લોકોના મોત નિપજેલા લાલ કિલ્લા વિસ્ફોટમાં દોષિત ઠરેલા ડૉ. ઉમર નબી સંસ્થામાં નોકરી કરતા હતા. તેમના બે સહયોગીઓ, ડૉ. મુઝમ્મિલ શકીલ અને ડૉ. શાહીન શાહિદ, જેમને અધિકારીઓ

# કોંગ્રેસ ફક્ત મોદીની કબર ઈચ્છે છે, પણ મને લોકોના આશીર્વાદ છે: પીએમ મોદી

### રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર પ્રધાનમંત્રી મોદીનો અભિપ્રાય

નવી દિલ્હી,

રાજ્યસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર બોલતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત "નાજુક પાંચ" માં સ્થાન મેળવવાથી ઝડપથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે દેશ નીચા ફુગાવા સાથે ઉચ્ચ વિકાસનો અનુભવ કરી રહ્યો છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ અને સ્થિતિસ્થાપકતા પર ભાર મૂકે છે.

ભારતના વિસ્તરતા વૈશ્વિક જોડાણ પર પ્રકાશ પાડતા, વડા પ્રધાને કહ્યું કે દેશ ઘણા દેશો સાથે ભવિષ્ય માટે તૈયાર વેપાર કરારો પર હસ્તાક્ષર કરી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં, ભારતે ૯ મુખ્ય અને પ્રભાવશાળી દેશો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. યુરોપિયન યુનિયન સાથેના કરારનો ઉલ્લેખ કરતા, તેમણે તેને ૨૭ દેશોને સંડોવતા તમામ



કરારોની માતા તરીકે વર્ણવ્યું.

વડા પ્રધાનનું ભાષણ વિક્ષેપજનક નોંધ પર શરૂ થયું કારણ કે વિપક્ષી સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કરતા પહેલા ભાષણ સામે સૂત્રોચ્ચાર કર્યા. રાજ્યસભામાં ભાષણ બુધવારે લોકસભામાં ભારે હોબાળા પછી શરૂ થયું, જેના કારણે તેમણે નીચલા ગૃહમાં પોતાનું ભાષણ રદ કરવું પડ્યું.

ઉપલા ગૃહમાં કાગળો રજૂ થયા પછી તરત જ વોકઆઉટ થયું, જ્યારે અધ્યક્ષે એક સભ્યને શૂન્ય કલાકનો ઉલ્લેખ ઉઠાવવા માટે બોલાવ્યો. કોંગ્રેસના સભ્યોએ માંગ કરી હતી કે ખડગેને પહેલા બોલવાની મંજૂરી આપવામાં આવે, જેના કારણે વારંવાર વિક્ષેપ પડ્યો. શ્રી ખડગેએ રાહુલ ગાંધીને લોકસભામાં બોલવા દેવામાં આવતા ન હોવાનો આરોપ લગાવ્યા બાદ ટ્રેઝરી અને વિપક્ષી બેન્ચોએ તીક્ષ્ણ શબ્દોની આપ-લે કરી હતી.

પીએમ મોદી કહે છે, "... તેઓ 'મોદી તેરી ખબર ખુદેગી' ના મંત્ર સાથે આગળ વધી રહ્યા છે. તેઓ આનું સ્વપ્ન જુએ છે અને લોકશાહીની વાત કરે છે. તેઓ 'મોહબ્બત કી દુકાન' ના સાઈનબોર્ડ લગાવે છે. શું જાહેર જીવનમાં આવી નફરત છે? તેમની સરકાર પહેલા રિમોટથી કામ કરતી હતી. મારી સરકાર પણ રિમોટથી કામ કરતી હતી. ૧૪૦ કરોડ લોકો મારા રિમોટ છે...

# પન્નુ સાથે જોડાયેલા બે સ્લીપર સેલ ઓપરેટિવ્સની ધરપકડ

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે અમેરિકા સ્થિત ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુન - પ્રતિબંધિત જૂથ શીખ્સ ફોર જસ્ટિસના વડા સાથે જોડાયેલા સ્લીપર સેલના બે સભ્યોની ધરપકડ કરી છે. પ્રજાસત્તાક દિવસના થોડા દિવસો પહેલા દિલ્હીમાં બે અલગ અલગ સ્થળોએ વિવાદાસ્પદ અને ઉશ્કેરણીજનક પંક્તિઓ લખવાની ઘટનાના સંદર્ભમાં આ ધરપકડ કરવામાં આવી છે, જેમાં શાંતિ ભંગ કરવા અને ગભરાટ ફેલાવવાનો આરોપ છે.

તપાસકર્તાઓએ ખુલાસો કર્યો કે સમગ્ર કાવતરું કેનેડાથી ઘડવામાં આવ્યું હતું. હાલમાં ત્યાં રહેતા પન્નુનના એક નજીકના સાથીએ દિલ્હીમાં યોજનાને અમલમાં મૂકવા માટે બે માણસો - બલજિંદર અને રોહિત ઉર્ફે કીરથ - ને રાખ્યા હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે આ બંનેને જાહેર સ્થળોએ વાંધાજનક સંદેશાઓ લખવા માટે બે લાખ રૂપિયાનું વચન આપીને લાલચ આપવામાં આવી હતી. બલજિંદર દિલ્હીમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર તરીકે કામ કરે છે અને રોહિત તેનો સાથી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે ઓપરેશન પાછળનો મુખ્ય માસ્ટરમાઈન્ડ, જે તિલક નગરમાં રહેતો હતો, પ્રજાસત્તાક દિવસના થોડા દિવસો પહેલા કેનેડા ગયો હતો. તે પન્નુન સાથે સીધા સંપર્કમાં હતો અને વિદેશી હેન્ડલર દ્વારા સમગ્ર કામગીરીનું સંકલન કરતો હતો. પોલીસ ટીમો હવે પન્નુનના અન્ય સહયોગીઓને શોધી રહી છે જેમણે આ વ્યાપક ષડયંત્રમાં ભાગ ભજવ્યો હોઈ શકે છે.

મીડિયા સુત્રોના અહેવાલ

CMYK CMYK

ડાયાબિટીસ
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
બી.પી., 2D ઈકો
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8 તા.૦૬-૦૨-૨૦૨૬, શુક્રવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




## કોર્પોરેશનની ચૂંટણી પૂર્વે વચનોનો પટારો ખુલ્લો મુકાયો !

# ભાવનગરમાં ૬ દાયકાથી વધુ જૂની અને જર્જરીત બનેલી શાક માર્કેટનું નવીનીકરણ કરવા જાહેરાત

**૫૦૦થી વધુ મોલ ટાઈપની દુકાનો સાથે શાકમાર્કેટ બનાવવાની મ્યુ.શાસકોએ રજૂ કરી 'સ્કીમ'**

ભાવનગર,તા.૬

ભાવનગર શહેરની મધ્યમાં આવેલ ગંગાજળિયા તળાવ શાક માર્કેટનું બિલ્ડીંગ ૬૬ વર્ષ જૂનું છે અને સાવ જર્જરીત અવસ્થામાં થઈ ગયું છે. કોર્પોરેશનના બજેટમાં નવા વેજીટેબલ માર્કેટ માટે ઘણીવાર જોગવાઈઓ થઈ છે પરંતુ કોઈ નક્કર આયોજન ન હતું. ત્યારે હવે આગામી દિવસોમાં ૫૦૭ દુકાનો અને ગોડાઉનો સાથેનું ગંગાજળિયા તળાવ વિસ્તારમાં નવું શોપિંગ સેન્ટર અને વેજીટેબલ માર્કેટ બનાવવા શાસકોએ જાહેરાત કરી છે. જોકે, વર્ષોથી એકચક્રી શાસન ભોગવતા ભાજપના શાસકોએ ચૂંટણી ટાણે જ આ સ્કીમ રજૂ કરતા બુદ્ધિજીવી લોકો મૂછમાં હસી રહ્યા છે.!

ભાવનગરમાં માળખાગત સુવિધાના ભાગરૂપે આજથી ૬૬ વર્ષ પૂર્વે આ શાક માર્કેટનું મકાન બન્યું હતું. જે હાલ પડું પડું થઈ રહ્યુ છે અત્યાર સુધી યોગ્ય દરકાર લેવાઈ નથી અને હવે મોલ ટાઈપ દુકાનો સાથે શાક માર્કેટ બનાવવાની જાહેરાત કરાઈ છે. કોર્પોરેશન જર્જરીત બિલ્ડીંગોને નોટિસ આપી ભયમુક્ત કરે છે પરંતુ ખુદ કોર્પોરેશનની માલિકીનો જ ૬૬ વર્ષ જૂનું ગંગાજળિયા તળાવ શાક માર્કેટ અતિશય જર્જરીત અવસ્થામાં છે છતાં તેના નવીનીકરણનું આયોજન દર વર્ષે બજેટમાં લેવામાં આવે છે પરંતુ હજુ સુધી કોઈ પરિણામલક્ષી આયોજન થયું નથી. ત્યારે હવે ગંગાજળીયા તળાવ વિસ્તારમાં નવુ શોપીંગ સેન્ટર તથા વેજીટેબલ માર્કેટ બનાવવા કન્સલ્ટન્ટ નિમણૂંક કરવા માટે સ્ટેન્ડીંગ કમિટી કક્ષાએથી પરામર્શ આપવામાં આવેલ હોવાનું તથા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ટેન્ડર પ્રક્રીયા કરવામાં આવેલ છે જે ટુંક જ સમયમાં પુર્ણ થનાર હોવાનું સ્ટેન્ડિંગ ચેરમેન રાજુભાઈ રાબડીયાએ દાવો કર્યો છે.

શહેરનાં હાર્દ સમાન ગંગાજળીયા તળાવ વિસ્તારમાં શોપીંગ સેન્ટર તથા વેજીટેબલ માર્કેટ અંદાજે વર્ષ ૧૯૫૯-૬૦ના બનાવવામાં આવેલ શોપીંગ સેન્ટર અને વેજીટેબલ માર્કેટ ડિસ્મેન્ટલ કરી નવું નિર્માણ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે જે માટે લેટેસ્ટ પ્લાનીંગ અને ડીઝાઈન તૈયાર કરાવવા માટે નિષ્ણાંત કન્સલ્ટન્ટ નિયુક્ત કરવા માટે હાલ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરેલ છે. પ્રોજેક્ટની ડીઝાઈન ફાઈનલ થવાથી અંદાજીત ૧૫૪ થી વધુ હયાત એ/બી/સી ગ્રૂપની ગામ તળાવની દુકાનો તથા અંદાજીત ૨૮ ગંગાજળીયા ગોડાઉનની દુકાનો તથા અંદાજીત ૨૫ શાક માર્કેટ બહારની દુકાનો નવી બનાવવામાં આવશે.

# લગ્નમાં દીકરીને ઠપકો આપવાની ના પાડતા દંપતીને માર માર્યો

**નારી ચોકડી નજીકનો બનાવ; મહિલા સહીત ચાર સામે વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ**

ભાવનગર,તા.૬

ભાવનગર શહેરના છેવાડે નારી ચોક્ડી નજીક એક લગ્ન પ્રસંગમાં આણંદથી આવેલા એક પરિવારની દીકરી રમાતી હતી ત્યારે તેને એક બહેને ખીજાતા તેને ખિજાઈને ઠપકો આપવાની ના પાડતા આનંદની મહિલા અને તેના પતિને મહિલા સહીત ચાર શખ્સોએ લોખંડના પાઈપ વડે ઢીકાપાટુનો મૂંઢ માર માર્યાની ફરિયાદ વરતેજ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી માહિતી અનુસાર આણંદ ખાતે રહેતા અને ભાવનગરના નારી ચોકડી વિસ્તારમાં સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગે આવેલા લક્ષ્મીબેન વાલાભાઈ પરમાર નામની મહિલાએ એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેઓ લગ્ન પ્રસંગમાં હાજર હતા ત્યારે તેની ૭ વર્ષની દીકરી રમતી હતી ત્યાં હંસાબેન ધકુભાઈ પરમાર નામની મહિલાએ તેને ઠપકો આપતા તેને ઠપકો આપવાની ના પાડતા હંસાબેને બોલાચાલી કરી ઝગડો કરેલ ત્યાં તેનો પતિ ધકુભાઈ, દીકરો રાકેશ તેમજ ડેડો રમેશભાઈ પરમાર સહિતે ભેગા થઈને તેણીને લોખંડના પાઈપ વડે માર મારેલ અને વચ્ચે પડતા તેના પતિને પણ ઢીકાપાટુનો માર મારી ઈજા કરેલ. આ અંગે વરતેજ પોલીસે બીએનેસની કલમ ૧૧૮-૧, ૧૧૫-૨, ૩૫૨,૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

# ઈંગ્લીશ દારૂના ચપટા સાથે તળાજાનો શખ્સ ઝડપાયો

**દીનદયાળનગરનો શખ્સ પણ ૧ ચપટા સાથે ઝડપાયો**

ભાવનગર,તા.૬

તળાજા પોલીસના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળેલી કે સીપીઆઈ કચેરી પાસે જાહેર રોડ ઉપર જયદીપભાઈ દિનેશભાઈ ચૌહાણ રહે. પંચશીલ સોસાયટી તળાજાવાળો પોતાની પાસે રહેલા એક પ્લાસ્ટીકના ઝબલામાં ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની બોટલો રાખી ઈંગ્લીશ દારૂનું વેચાણ કરે છે, આ બાતમીના આધારે પંચોને સાથે રાખી ઘટના સ્થળે રેડ કરતા જયદીપ હાજર મળી આવેલ તેની તલાસી લેતા તેની પાસેથી ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમએલની ૧ બોટલ સીલપેક મળી આવતા જપ્ત કરી તેની અટકાયત કરી પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત તળાજા પોલીસે બાતમીના આધારે મહુવા રોડે ઈંગલવાળી શેરી પાસે જાહેર રોડ ઉપરથી ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમએલની ૧ બોટલ સાથે દીનદયાળનગર તળાજા ખાતે રહેતા રોહનભાઈ પ્રવિણભાઈ પરમારને ઝડપી લઈને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ તળાજા પોલીસે બે શખ્સોને અલગ-અલગ જગ્યાએથી એક-એક ચપટા સાથે ઝડપી લીધા હતા.

# અલંગ સ્ક્રેપના વેપારીએ આપઘાત પૂર્વે લખેલી સુસાઈડ નોટ એફએસએલ ચકાસણી માટે મોકલવા પોલીસની તજવીજ

**લાખો રૂપિયાની બાકી ઉઘરાણી સંદર્ભે અનેક વેપારીઓના પગ નીચે રેલો આવવાની સંભાવના**




ભાવનગર,તા.૬

ભાવનગર શહેરમાં શિશુવિહાર વિસ્તારમાં રહેતા અને અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં સ્ક્રેપનો વ્યવસાય કરતા વેપારીએ જમાનકુંડ મસ્જિદમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામેલ જેમાં ધંધામાં ઉધાર આપેલા માલની સમયસર ઉઘરાણી ન થતા આર્થિક સંકડામણ અનુભવતા હોવાનું સામે આવ્યું છે વેપારીએ આપઘાત પૂર્વે એક સુસાઈડ નોટ લખેલી જેમાં જે લોકો પાસેથી પૈસા લેવાના નીકળતા હતા તેઓના નામ લખ્યા છે અને પોલીસે સુસાઈડ નોટ કબજે કરી તપાસ હાથ ધરી છે. આ સુસાઈડ નોટ એફએસએલ પાસે મોકલાશે તેમ સીટી ડીવાયએસપી સિંઘાલે જણાવ્યું હતું.

ભાવનગર શહેરના શિશુવિહાર વિસ્તારમાં આવેલા યુસુફબાગમાં રહેતા અને અલંગમાં સ્ક્રેપનો વ્યવસાય કરતા મુસ્તુભાઈ આહમદભાઈ જાકા (ઉંમર ૫૦)એ જમનાકુંડ વિસ્તારમાં આવેલી KGN મસ્જિદમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવથી ચકચાર મચી જવા પામી હતી. તેઓ છેલ્લા કેટલાયે સમયથી ધંધામાં આર્થિક તંગીનો સામનો કરી રહ્યા હતા. તેનાથી ટ્રસ્ટ થઈને તેને મસ્જિદમાં જઈને આપઘાત કરી લીધાના બનાવની જાણ થતાં ગંગાજળિયા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સર ટી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.જ્યાં હોસ્પિટલ ખાતે અન્ય વેપારીઓ અને સમાજના આગેવાનો દોડી આવ્યા હતા.પોલીસને મૃતક મુસ્તુભાઈએ લખેલી એક ચિઠ્ઠી એટલે કે સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં તેમને જેની પાસથી રૂપિયા લેવાના છે તેઓના નામ લખ્યા હોવાનું મૃતકના પુત્ર જુનેદે જણાવ્યું છે. છેલ્લા ત્રણેક વર્ષથી તેના પિતાને સ્ક્રેપના લીધેલા માલના પૈસા કોઈ આપતું ન હતું તેનાથી તેઓ આર્થિક સંકડામણ સાથે ટેન્શન અનુભવી રહ્યા હતા અને પોલીસ દ્વારા તેમને ન્યાય મળશે તેવી આશા પણ વ્યક્ત કરાઈ હતી.

દરમિયાન બનાવ સંદર્ભે આજે સીટી ડીવાયએસપી સિંઘાલે આસપાસ સાથે ટેલિફોનિક વાતચિત્તમાં જણાવેલ કે આ બનાવમાં (જુઓ પાનું ૬)»

## પાલીતાણામાં ચાર શખ્સોએ યુવાન પર કર્યો જીવલેણ હુમલો

ભાવનગર,તા.૬

પાલિતાણા ખાતે રહેતા પરશોતમભાઈ જગાભાઈ સરવૈયા તેમના પરિવારના સભ્યો સાથે તેમના ઘરે હતા. જે વખતે તેમની સોસાયટીમાં રહેતો કેટલાક શખ્સો બિભત્સ ગાળો બોલતા હોય જેને ગાળો ન બોલવાનું કહી, ઠપકો આપ્યો હતો. જે બાદ બકુલ પોપટભાઈ રંભાતર, સદામ અને બે અજાણ્યા શખ્સો તેમના ઘર પાસે તલવાર,છરી, લાકડાના ધોકા જેવા હથિયારો સાથે ધસી આવી, પરશોતમભાઈને આડેધડ શરીરના ભાગો ઉપર જીવલેણ હુમલો કરી, ગંભીર ઈજા કરી ફરાર થઈ જતાં પરશોતમભાઈએ ચારેય શખ્સો વિરૂદ્ધ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ઘોઘાના ગોરિયાળી ગામે વીજ ચેકિંગ ટીમ પર હુમલો

**ઘોઘા પોલીસ મથકમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવાઈ**

ભાવનગર,તા.૬

ઘોઘા તાલુકાના ગોરિયાળી (રામપર) ગામે વીજ ચેકિંગ કરવા ગયેલી પીજીવીસીએલની ટીમ પર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો.વીજચેકિંગ ટીમના સભ્યોને અપશબ્દો કહી પ્લાસ્ટીકના પાઈપ, ઢીકાપાટું અને લાફા વડે માર મારી હુમલો કરતા ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

અમરેલી પીજીવીસીએલમાં ફરજ બજાવતા નાયબ ઈજનેર હેમાંગભાઈ રમેશચંદ્ર મહેતાએ ઘોઘા પોલીસ મથકમાં રૈયા મોહનભાઈ, ગોરધન મોહનભાઈ પરમાર અને અશ્વિન જીવાભાઈ બાંભણીયા (ત્રણેય રહે.ગોરિયાળી રામપર, તા.ઘોઘા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે મામસા પેટા વિભાગિય કચેરી અંતર્ગત આવતા ઘોઘા તાલુકાના ગામડાઓમાં વીજ ચેકિંગમા હતા અને આ ચેકિંગમાં અલગ-અલગ ૧૩ ટીમો હતી. જેમાં તેમની ટીમમાં તેઓ તથા લાઈનમેન હિમાંશુભાઈ જાની અને ડ્રાઈવર હતા અને તેમની ટીમને ઘોઘા તાલુકાના ગોરિયાળી (રામપર) ગામે વીજ ચેકિંગ કરવાનું હતું. જ્યાં એક મકાનમાં ગેરકાયદે વીજ કનેક્શન જણાતા તે મકાનમાં તપાસ કરતા મકાન માલિક રૈયાભાઈ મોહનભાઈ આવી તેમના ઘરનો મેઈન દરવાજો બંધ કરી અહી ચેકિંગ કરવાનું નથી મારા ઘરમાંથી બહાર નિકળી જાવ તેમ કહી તેમને પ્લાસ્ટિકનો પાઈપ માર્યો તથા ઉક્ત ગોરધનભાઈ અને અશ્વિનભાઈએ આવીને તેમની સાથે બોલાચાલી કરી લાફા અને ઢીકા પાટુંનો માર માર્યો હતા. આ દરમિયાન તેમની ટીમના લીડર સુર્યદિપસિંહને ફોન કરતા તેમની ટીમના માણસોને પણ ઉક્ત લોકોએ અપશબ્દો કહી ગેરવર્તન કર્યું હતું. આ અંગે ઘોઘા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ચિત્રા, ઘોઘા અને મામસા સબ ડિવિઝનમાં રૂપિયા ૩૮ લાખની વીજચોરી ઝડપાઈ**

**પીજીવીસીએલ દ્વારા વીજ ચેકિંગ ડ્રાઈવ યથાવત્ રાખી છે. ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના સીટી-૨ ડિવિઝનના ૯૭ વીજ કનેક્શનોમાંથી વીજતંત્રએ કુલ રૂ.૩૮.૫૫ લાખની વીજચોરી ઝડપી પાડી છે. પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળના સીટી-૨ ડિવિઝનના ચિત્રા, ઘોઘા અને મામસા ત્રણ સબ ડિવિઝન હેઠળ વીજતંત્રની ૪૬ ટીમો દ્વારા ગુરુવારે સવારથી વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. વીજ ટીમોએ ૪૮૧ રહેણાંકી, ૧૯ વાણિજ્ય અને ૨૦ ખેતીવાડી મળી કુલ ૫૨૦ કનેક્શનો તપાસવામાં આવ્યા હતા. જે પૈકી ૮૪ રહેણાંકી, ૯ વાણિજ્ય અને ૪ ખેતીવાડી મળી કુલ ૯૭ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૩૮.૫૫ લાખની વીજચોરી ઝડપી પાડી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.**

# વલભીપુરના રંગપર ગામે ઘેટાં ચોરવા આવેલા શખ્સોએ લૂંટ ચલાવી

**વાડીમાં ઘુસી ચાંદીની માળા અને ૧૪ ઘેટા લૂંટી ગયાની ફરિયાદ**

ભાવનગર,તા.૬

વલભીપુર પંથકમાં આવેલ એક ગામની સીમમાં એક માલધારી દંપતિએ ૧૨૦ ઘેટા લઈ એક ખેડૂતના ખેતરમાં ઘેટા ચરાવવા માટે રાત્રીના પડાવ નાંખ્યો હતો. જ્યાં મોડી રાત્રીના બે અજાણ્યા લૂંટારૂઓએ વાડીમાં ઘુસી જઈ, માલધારી દંપતિના ઘેટા ચોરી ફરાર થતા હતા આ સમયે માલધારી યુવક નિંદરમાંથી ઉઠી જતા આ લૂંટારૂઓએ યુવકને માથાના ભાગે લાકડીના ઘા ઝીકી, યુવકના ગળામાંથી ચાંદીની રૂદ્રાક્ષની માળા અને માલધારીના ૧૪ ઘેટાંની લૂંટ મચાવી લૂંટારૂઓઓ ફરાર થઈ ગયા હતા.આ ઘટનાની જાણ થતાં રંગપર ગામમાંથી ગ્રામજનો દોડી આવ્યા હતા અને માલધારીએ વલભીપુર પંથકમાં બે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

બનાવ અંગે મળતી વિગતો અનુસાર પશુપાલનનો વ્યવસાય કરતા અને મુળ કચ્છ જિલ્લાના લોડાઈ ગામના રહેવાસી માલધારી ધનાભાઈ રામાભાઈ અજાણા તેમના પત્નિ સાથે ગઈકાલે વલભીપુરના રંગપર ગામની સીમમાં વિક્રમભાઈ રામસીગભાઈ હાડાના ખેતરમાં ૧૨૦ ઘેટાંને ચરાવવા માટે પડાવ નાંખેલ હતો. અને મોડી રાત્રીના વાળુ પાણી કરીને દંપતિ વાડીમાં સુઈ ગયા હતા અને ઘેટા વાડીમાં હતા. જે દરમિયાન મોડી રાત્રીના બેથી વધુ લૂંટારૂઓ વાડીમાં ઘુસી ગયા હતા અને કેટલાંક ઘેટાંઓ વાડીમાંથી બહાર લઈ જતા હોય તેવો અવાજ આવતા ધનાભાઈ અજાણા નિંદરમાંથી ઊઠી ગયા હતા.આ ઘેટા લઈ જતાં લૂંટારૂઓને રોકતા લૂંટારૂઓએ ધનાભાઈને માથાના ભાગે લાકડીના ઘા ઝીકી, ધનાભાઈએ પહેરેલ ચાંદીની રૂદ્રાક્ષની માળાની લૂંટ કરી હતી અને ધનાભાઈને લાકડીના ઘા ઝીકતા તેઓ બેભાન થઈ જતાં, લૂંટારૂઓ માલધારી દંપતિના ૧૪ જેટલા ઘેંટાની લૂંટ કરી, ગામની સીમમાં ફરાર થઈ ગયા હતા.સમગ્ર બનાવ અંગે માલધારી યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ટીમો બનાવી જુદી જુદી દિશામાં લૂંટારૂઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# ભારત દેશમાં યુરોપની જન સંખ્યાથી પણ વધુ લોકોને મફત અનાજ વિતરણ થયું : મંત્રી નિમુબેને લોકસભામાં આપ્યો જવાબ

**મોદી સરકારના સંવેદનશીલ નિર્ણયથી વંચિતોને અનાજ આપવા સાથે પ્રવાસી લાભાર્થીઓ માટે થઈ વિશેષ વ્યવસ્થા ; પ્રતિમાસ ૩ કરોડ લાભાર્થી મેળવી રહ્યા છે 'વન રાશન વન નેશન'નો લાભ**

ભાવનગર,તા.૬

દેશમાં ગરીબ કલ્યાણ અન્ન યોજનાને અસરકારક બનાવવા અને પ્રવાસી શ્રમિકોને અનાજ મળી રહે એ માટે કેન્દ્ર સરકાર દ્વારા શું વ્યવસ્થા છે તે અંગે લોકસભા સત્રમાં પ્રશ્ન પૂછાયો હતો. જેના ઉતરમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય ભારત સરકારના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયાંએ 'પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' તળે સંપૂર્ણ પારદર્શક રીતે દેશના ૮૦ કરોડથી પણ વધુ લાભાર્થીને



મફત રાશન વિતરણ કરાયુ હોવાનું જણાવ્યું હતું, લાભાર્થીની સંખ્યા પૂરા યુરોપની જન સંખ્યાથી પણ વધુ હોવાનું ઉમેરી ગરીબ અને વંચિતો માટે કેન્દ્રની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર પૂરી સંવેદનાથી કાર્ય કરી રહી હોવાનો નિર્દેશ આપ્યો હતો.

દેશમાં સંસદનું બજેટ સત્ર ચાલી રહ્યું છે જેમાં દેશના છેવાડાના લોકોના કલ્યાણ અને સુવિધા અર્થે તેઓને અનાજ મળી રહે તે માટે કેન્દ્ર સરકાર કયા પ્રકારના પગલા લઈ રહી છે તે અંગે ઝારખંડ ગૌડાના સાંસદ ડો. નિશિકાંત દુબે એ પ્રશ્ન કર્યો હતો. કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયા એ આ પ્રશ્નનો વિસ્તારથી આંકડાકીય વિગતો સાથે જવાબ રજૂ કર્યો હતો.

કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેન બાંભણિયાએ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે , કેન્દ્રનીનરેન્દ્રભાઈ મોદીની સરકારમાં ખાદ્ય સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ છે, વર્ષ ૨૦૧૪ પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના તમામ ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (NFSA)ને સંપૂર્ણપણે લાગુ કર્યો જેમાં ૮૧.૩૫ કરોડ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે.

દેશમાં કોરોનાના કપરા કાળમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અને યોજના હેઠળ ગરીબ , જરૂરિયાતમંદ અને આર્થિક કમજોર પરિવારોને આર્થિક સંકટ સમયે ભોજનની કમીથી બચાવવા આ યોજના તળે ૮૧.૩૫ કરોડ લાભાર્થીને આવરી લઈ મફત રાશન વિતરણ કરાયું જે વિશ્વનું સૌથી મોટો ફુડ સિક્યુરિટી પ્રોગ્રામ છે, લાભાર્થીની સંખ્યા યુરોપની જનસંખ્યાથી પણ વધુ છે .ઉપરાંત સરકારે ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ પ્રભાવી બનાવવા માટે ડિજિટાઈઝેશન અપનાવી સિસ્ટમને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવી છે, દેશમાં રેશનકાર્ડને ૧૦૦ ટકા ડિજિટાઈઝેશન તળે આવરી લેવાયા છે, ઉપરાંત ૯૯.૯ ફેટપ્રાઈસ શોપ પર ઈ-પીઓએસ મશીનો સ્થાપિત કરાયા છે. ૯૯% થી વધુ લાભાર્થીઓના રેશનકાર્ડ આધાર સાથે જોડાયેલા છે .

માઈગ્રેટ વર્કરને રાશન મેળવવા થતી અસુવિધા દૂર કરવા સરકારના પ્રયાસો અંગે પૂછાયેલા બીજા પ્રશ્નના ઉત્તરમાં કેન્દ્રીય રાજયમંત્રી બાંભણિયાએ પોતાનો જવાબ રજૂ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારની 'વન નેશન વન રાશનકાર્ડ' યોજના અંતર્ગત દેશભરમાં પોર્ટેબિલિટી સુનિશ્ચિત થઈ છે, કોઈપણ પ્રવાસી વર્કર કોઈ પણ સ્થળેથી પોતાનું રાશન મેળવી શકે છે તેમજ પરિવારના સભ્યો પણ તેમના ઘરે અનાજ મેળવી શકે તે વ્યવસ્થા અમલી છે, દેશના તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ યોજના લાગુ છે. અત્યાર સુધીમાં ૨૦૧ કરોડ પોર્ટેબિલિટી લેણદેણ થઈ છે અને હાલમાં પ્રતિ માસ ૩ કરોડથી વધુ લાભાર્થીઓ લાભ મેળવે છે.

CMYK CMYK